dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 127 | AD - 2026, Maha Sud - 10 | Thursday, Dt. 12-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ભારતીય માલ પર અમેરિકાએ સરેરાશ ટેરિફ ૩ ટકાથી વધારીને ૧૮ ટકા કર્યો છે, જ્યારે અમેરિકી આયાત પર ભારતે ટેરિફમાં રાહત આપી**

# ભારત-અમેરિકા વેપાર કરાર અંગે ખેડૂતોના હિતોને અવગણવાનો રાહુલ ગાંધીનો આક્ષેપ

દિલ્હી,તા.૧૧

નવી દિલ્હીમાં ચાલી રહેલા સંસદના બજેટ સત્ર દરમિયાન લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ભારત-અમેરિકા વેપાર કરાર અને કેન્દ્ર સરકારની આર્થિક નીતિઓ પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. સત્રના ૧૧મા દિવસે બજેટ પર ચર્ચા દરમિયાન તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સરકાર પર ખેડૂતોના હિતોને અવગણવાનો આક્ષેપ કર્યો.

તેમણે પોતાના ભાષણની શરૂઆત માર્શલ આર્ટ્સના ઉદાહરણથી કરી. તેમણે કહ્યું કે જેમ માર્શલ આર્ટ્સમાં ''પકડ''નું મહત્વ હોય છે, તેમ રાજકારણમાં પણ અદૃશ્ય પકડ કાર્યરત હોય છે. તેમના ભાષણ દરમિયાન ''એપ્સ્ટેઈન'' શબ્દના ઉલ્લેખ બાદ લોકસભામાં હોબાળો સર્જાયો હતો.

રાહુલ ગાંધીએ દાવો કર્યો કે ભારત-અમેરિકા કરાર સમાન શરતો પર કરવામાં આવ્યો નથી. તેમના મુજબ, આ કરારમાં દેશના ખેડૂતોના હિતને કચડી નાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આવા પ્રકારનો કરાર પહેલાં કોઈ વડાપ્રધાને કર્યો નથી. તેમણે એ પણ જણાવ્યું કે ભારતીય માલ પર અમેરિકાએ સરેરાશ ટેરિફ ૩ ટકાથી વધારીને ૧૮ ટકા કર્યો છે, જ્યારે અમેરિકી આયાત પર ભારતે ટેરિફમાં રાહત આપી છે. તેમના મતે, આ એકતરફી વ્યવસ્થા છે અને ખેડૂતો સાથે અન્યાય સમાન છે.

કાપડ ઉદ્યોગનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે ભારતીય કાપડ ઉદ્યોગ ૧૮ ટકા ટેરિફનો સામનો કરી રહ્યો છે, જ્યારે બાંગ્લાદેશી કાપડ પર અમેરિકાએ શૂન્ય ટેરિફ લાગુ કર્યો છે. આ પરિસ્થિતિ ભારતીય ઉદ્યોગ માટે હાનિકારક બની શકે છે. તેમણે



દાવો કર્યો કે અમેરિકાથી આયાતમાં નોંધપાત્ર વધારો થવાનો છે, જ્યારે ભારતને સમાન લાભ મળતો નથી.

ડેટા અને ડિજિટલ નીતિ અંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ૨૧મી સદીમાં ડેટા સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. અમેરિકા અને ચીન વચ્ચેની સ્પર્ધામાં ભારતીય ડેટાની મોટી ભૂમિકા હોઈ શકે છે. તેમના મત મુજબ, ભારતે પોતાના ડિજિટલ વેપાર નિયમો, ડેટા લોકલાઈઝેશન અને ડિજિટલ ટેક્સ પર મજબૂત નિયંત્રણ રાખવું જોઈએ. તેમણે આરોપ લગાવ્યો કે સરકારે ડેટાના મુક્ત પ્રવાહ અને ડિજિટલ ટેક્સમાં છૂટછાટો આપી છે, જે દેશની આર્થિક સ્વાયત્તતાને અસર કરી શકે છે.

એઆઈ (કૃત્રિમ બુદ્ધિમત્તા)ના મુદ્દે તેમણે ચેતવણી આપી કે તેના વધતા પ્રભાવથી હજારો સોફ્ટવેર એન્જિનિયરોની નોકરીઓ જોખમમાં આવી શકે છે. તેમણે કહ્યું કે બજેટમાં આ પડકારોનો સામનો કરવા માટે સ્પષ્ટ આયોજન દેખાતું નથી. દુનિયા ઝડપથી બદલાઈ રહી છે અને ટેક્નોલોજીના યુગમાં ભારતને પોતાની નીતિઓ મજબૂત બનાવવાની જરૂર છે.

રાહુલ ગાંધીએ ઉદ્યોગપતિઓ અદાણી અને અનિલ અંબાણી અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે અનિલ અંબાણી વિશે પૂછ્યું કે તેઓ જેલમાં કેમ નથી અને એપ્સ્ટેઈન ફાઈલ્સનો ઉલ્લેખ કર્યો. સાથે જ તેમણે આક્ષેપોની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી. તેમના નિવેદનોને કારણે રાજકીય વાતાવરણ વધુ ગરમાયું છે.

તેમણે અંતમાં કહ્યું કે કોઈપણ ભારતીય વડાપ્રધાન દબાણ વિના આવા કરાર પર હસ્તાક્ષર નહીં કરે. તેમના મતે, આ પરિસ્થિતિ માત્ર સરકારની નહીં પરંતુ દેશના ભવિષ્યની બાબત છે.

સમગ્ર મુદ્દે સરકાર તરફથી સત્તાવાર પ્રતિસાદ આવવાનો બાકી છે. જોકે, સ્પષ્ટ છે કે ભારત-અમેરિકા વેપાર કરાર, ખેડૂતોના હિત, ડિજિટલ ડેટા અને આર્થિક સ્વાયત્તતા જેવા મુદ્દાઓ આગામી સમયમાં રાજકીય ચર્ચાના કેન્દ્રમાં રહેશે.

# બીએમસીમાં ભાજપે વાપસી કરી, મુંબઈના મેયર પદે રિતુ તાવડે બિનહરીફ ચૂંટાયા

મુંબઈ,તા.૧૧

મુંબઈમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ને નવા મેયર મળ્યા છે. ભાજપના રિતુ તાવડે બિનહરીફ મેયર તરીકે ચૂંટાયા છે, જ્યારે શિવસેના (શિંદે જૂથ)ના સંજય ઘડી ડેપ્યુટી મેયર તરીકે બિનહરીફ ચૂંટાયા છે. અન્ય કોઈ પક્ષે ઉમેદવાર ઉભો ન રાખતા બંને ઉમેદવારોની પસંદગી સરળતાથી થઈ હતી. ૪૪ વર્ષ બાદ ભાજપે ફરીથી બીએમસીમાં પોતાનો મેયર બનાવ્યો છે, જે પાર્ટી માટે ઐતિહાસિક ક્ષણ માનવામાં આવે છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે ચૂંટણી પ્રસંગે હાજર રહ્યા હતા. તેમણે નવા મેયર અને ડેપ્યુટી મેયરને અભિનંદન પાઠવ્યા હતા. રિતુ તાવડે મુંબઈના ૭૭મા મેયર બન્યા છે અને તેઓ મુંબઈમાં આ પદ સંભાળનાર ભાજપના બીજા નેતા છે. ભાજપના પ્રથમ મેયર ડૉ. પ્રભાકર પાઈ ૧૯૮૨-૮૩ દરમિયાન આ પદ પર રહ્યા હતા.



૨૨૭ સભ્યોની બીએમસી ચૂંટણીમાં ભાજપ ૮૯ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો. શિવસેના (ઉબાથા) એ ૬૫ બેઠકો જીતી હતી, જ્યારે શિવસેના (શિંદે જૂથ)એ ૨૯ બેઠકો મેળવી હતી. કોંગ્રેસે ૨૪ બેઠકો, AIMIMએ ૮ બેઠકો, એનસીપી (અજિત પવાર જૂથ)એ ૩ બેઠકો અને સમાજવાદી પાર્ટીએ ૨ બેઠકો મેળવી હતી. મનસે અને એનસીપી (શરદ પવાર જૂથ)એ અનુક્રમે ૬ અને ૧ બેઠક જીતી હતી. બે સ્વતંત્ર ઉમેદવારો પણ જીત્યા હતા. શાસક ગઠબંધન પાસે કુલ ૧૧૮ કાઉન્સિલરો છે, જે ૧૧૪ના બહુમતી આંક કરતાં વધુ છે. લગભગ ત્રણ દાયકાના શિવસેનાના શાસન બાદ ભાજપની આ વાપસી મહારાષ્ટ્રની રાજનીતિમાં મહત્વપૂર્ણ ફેરફાર તરીકે જોવામાં આવી રહી છે.

# દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ પીએમ મોદીએ પુષ્પાંજલિ અર્પણ કરી

દિલ્હી,તા.૧૧

નવી દિલ્હીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમને યાદ કરતાં જણાવ્યું કે તેમના સિદ્ધાંતો દરેક પેઢી માટે માર્ગદર્શક છે. તેમણે કહ્યું કે રાષ્ટ્ર અને માનવતા સર્વોપરી છે એવી ચેતના સાથે ઉપાધ્યાયજીએ પોતાનું સમગ્ર જીવન દેશસેવામાં સમર્પિત કર્યું હતું. અંત્યોદયનો તેમનો વિચાર આજે પણ સમાન રીતે પ્રાસંગિક છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાય (૧૯૧૬–૧૯૬૮) અગ્રણી રાજકીય વિચારક,



અર્થશાસ્ત્રી અને ભારતીય જન સંઘના મહત્વપૂર્ણ નેતા હતા. તેઓ ખાસ કરીને તેમના દાર્શનિક સિદ્ધાંત 'અખંડ માનવતાવાદ' માટે જાણીતા છે. તેમની વિચારધારાનું મૂળ તત્વ એ હતું કે વિકાસ ફક્ત ભૌતિક પ્રગતિ સુધી મર્યાદિત ન રહે, પરંતુ ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો પર આધારિત હોવો જોઈએ. તેમણે વ્યક્તિ, સમાજ અને પ્રકૃતિ વચ્ચે સંતુલન અને સુમેળ જાળવવાનો સંદેશ આપ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમને અખંડ માનવતાવાદ અને અંત્યોદયના પ્રણેતા તરીકે યાદ કર્યા. તેમણે જણાવ્યું કે સમાજના અંતિમ વ્યક્તિનો વિકાસ જ રાષ્ટ્રીય વિકાસનો સાચો માપદંડ છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ તેમને નિઃસ્વાર્થ કર્મયોગી અને પ્રેરણાસ્રોત ગણાવી પુષ્પાંજલિ અર્પી. તેમના મત મુજબ, 'અંત્યોદય'નો મંત્ર વિકસિત ભારતના નિર્માણ માટે આજે પણ માર્ગદર્શક છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું કે ''સબકા સાથ, સબકા વિકાસ''ની ભાવના ઉપાધ્યાયજીની વિચારધારાની જીવંત અભિવ્યક્તિ છે. તેમણે ઉમેર્યું કે સરકાર ગામડાં, ગરીબો, ખેડૂતો અને મહિલાઓના ઉત્થાન માટે પ્રતિબદ્ધ છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના આદર્શો અને વિચારધારા આજની પેઢીને રાષ્ટ્રીય સેવા અને સમર્પણનો સંદેશ આપે છે.

# કર્મચારી અને ખેડૂત સંગઠનોનું આજે ભારત બંધનું એલાન

નવી દિલ્હી,તા.૧૧

કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને ખેડૂત સંગઠનો દ્વારા ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી હડતાળ અને ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે. સંગઠનોનું કહેવું છે કે તેઓ પોતાની વિવિધ માંગણીઓ પર દબાણ લાવવા માટે આ પગલું ભરી રહ્યા છે. હડતાળને કારણે જાહેર ક્ષેત્રની બેંકો, સરકારી



કચેરીઓ, પરિવહન સેવાઓ અને બજારો પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ટ્રેડ યુનિયનો ચાર નવી શ્રમ સંહિતાઓનો વિરોધ કરી રહ્યા છે, જે અગાઉના ૨૯ શ્રમ કાયદાઓને બદલે છે. તેમના અનુસાર, નવા કાયદાઓ કામદારોના અધિકારોને નબળા બનાવે છે અને નોકરીની સુરક્ષા ઘટાડે છે. ખેડૂત સંગઠનો પણ આ હડતાળને સમર્થન આપી રહ્યા છે અને કૃષિ સંબંધિત મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે. બેંકિંગ ક્ષેત્રમાં આંશિક વિક્ષેપ થવાની સંભાવના છે, જોકે સત્તાવાર રીતે બેંક રજા જાહેર કરવામાં આવી નથી. શાળાઓ અને કોલેજો અંગે કોઈ રાષ્ટ્રીય સ્તરે જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સ્થાનિક પરિસ્થિતિને આધારે નિર્ણય લેવામાં આવી શકે છે. હોસ્પિટલ, એમ્બ્યુલન્સ અને અન્ય આવશ્યક સેવાઓ સામાન્ય રીતે કાર્યરત રહેવાની અપેક્ષા છે.

# રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવવા કેન્દ્ર સરકારનો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સામે વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ લાવવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે રાહુલ ગાંધી ગૃહને ગેરમાર્ગે દોરતા પાયાવિહોણા નિવેદનો આપી રહ્યા છે. તેમણે કહ્યું કે સંસદમાં કોઈ પણ સભ્ય કોઈ પર ગંભીર આરોપ લગાવવા




માંગે, તો તેને પૂર્વ સૂચના અને પૂરાવા સાથે રજૂ કરવું જરૂરી છે.

મંત્રીએ ભાર મૂક્યો કે લોકશાહીમાં તર્કસભર આરોપોની સ્વતંત્રતા છે, પરંતુ જવાબદારી અને નિયમોનું પાલન પણ આવશ્યક છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જાશીએ કહ્યું કે ગૃહમાં દરેક દાવો અધિકૃત દસ્તાવેજ અને પુરાવા સાથે હોવો જોઈએ અને ફક્ત પુનરાવર્તનથી કોઈ બાબત સાચી બની શકતી નથી. તેમણે સંસદના અધ્યક્ષની ગરિમા જાળવવાની મહત્વપૂર્ણતા પણ રેખાંકિત કરી.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૧૨-૦૨-૨૦૨૬

# બાબરા-દરેડ-જામબરવાળા-નાનીકુંડળ રોડના રિસર્ફેસીંગ કામનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૧



બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર અને સુરક્ષિત માર્ગ વ્યવસ્થા સાથે જોડવાના હેતુસર બાબરા – દરેડ – જામબરવાળા – નાનીકુંડળ માર્ગના રિસર્ફેસીંગ કામનું વિધિવત ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. રૂ. ૧૧.૮૬ કરોડના ખર્ચે હાથ ધરાનાર આ પ્રોજેક્ટથી વિસ્તારના હજારો નાગરિકોને લાભ થશે.

આ કામગીરી આધુનિક ટેકનોલોજી અને ગુણવત્તાના ધોરણો મુજબ કરવામાં આવશે, જેમાં મજબૂતીકરણ, સાઈડ પેવમેન્ટ અને પાણીના નિકાલ માટે ડ્રેનેજ વ્યવસ્થાનો સમાવેશ થાય છે.

આ પ્રસગે તાલુકાના આગેવાનો, સરપંચો, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રી અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ધારી-તુલસીશ્યામ હાઈવે પર ખોખરા મહાદેવ ગામ પાસે અકસ્માતમાં વૃદ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત

**વૃધ્ધની તબિયત વધુ લથડતા તાત્કાલિક રાજકોટ સારવારમાં ખસેડાયા**

ધારી,તા.૧૧

ધારી-તુલસીશ્યામ હાઈવે પર ખોખરા મહાદેવ ગામ પાસે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. એક પૂરપાટ ઝડપે આવી રહેલી ફોરવ્હીલ ગાડીના ચાલકે ટીવીએસ મોપેડ સવાર વૃદ્ધને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક ધારીની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની હાલત વધુ નાજુક જણાતા અને તબિયત લથડતા વધુ સારવાર માટે તેઓને રાજકોટની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.



તસવીર : સંજય વાળા

# કુંકાવાવની વાવડી રોડ શાળાની ધોરણ-૧ની વિદ્યાર્થિની હેન્સી બાબરીયા વાર્તાકથન સ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રથમ

કુંકાવાવ,તા.૧૧

GCERT ગાંધીનગર પ્રેરિત અને નિપુણ ભારત અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ની ફાઉન્ડેશનલ સ્ટેજ વાર્તાકથન સ્પર્ધામાં અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાની વાવડી રોડ સ્થિત શહીદ વીર વિકાસ કુંમર પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીએ ઝળહળતી સિદ્ધિ મેળવી છે. ગત તારીખ ૪-૨-૨૦૨૬ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર ઝોન-૨ કક્ષાની આ



તસવીર : કિર્તીભાઈ જોષી

સ્પર્ધામાં ધોરણ-૧માં અભ્યાસ કરતી બાબરીયા હેન્સી સંદીપભાઈએ વાર્તાકથનમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. હેન્સી હવે આગામી સમયમાં યોજાનાર રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર ઝોન-૨નું પ્રતિનિધિત્વ કરશે.

# રાજુલાનો ધાતરવડી-૧ ડેમ ઊંડો ઉતારવા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને રજૂઆત: ૧૩ ગામના ખેડૂતોને સિંચાઈના પાણીની તંગી

રાજુલા,તા.૧૧

રાજુલા માર્કેટ યાર્ડના ડિરેક્ટર અને જૂની માંડરડી સેવા સહકારી મંડળીના પ્રમુખ રમેશભાઈ વી. વસોયાએ રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને લેખિત રજૂઆત કરી ધાતરવડી-૧ સિંચાઈ યોજનાના ડેમને ઊંડો ઉતારવા માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ધાતરવડી-૧ ડેમમાંથી ૧૩ ગામના ખેડૂતોને સિંચાઈ માટે અને રાજુલા તથા જાફરાબાદ બંને શહેરોને પીવા માટે પાણી મળે છે. જોકે, સરકાર દ્વારા મુકવામાં આવેલા દરવાજા ભારે વરસાદના કારણે પડી ગયેલ હોવાથી પાણીની સંગ્રહ શક્તિ (જથ્થો) ઓછી થઈ છે. વળી, ડેમ બન્યા પછી ક્યારેય તેને ઊંડો ઉતારવામાં આવ્યો નથી કે તેમાંથી માટી કાઢવામાં આવી નથી. પરિણામે, રાજુલા અને જાફરાબાદ માટે પીવાનું પાણી અનામત રાખવામાં આવતું હોવાથી ખેડૂતોને સિંચાઈમાં છેલ્લે એક પાણની ઘટ રહે છે. આથી જો ડેમ ઊંડો ઉતારવામાં આવે તો ખેડૂતોને મોટો ફાયદો થઈ શકે તેમ છે. આ બાબતે ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરવા ધારાસભ્યને નમ્ર વિનંતી કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ નિયંત્રિત બજાર સંઘ-અમદાવાદના પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલ અને ધાતરવડી-૧ સિંચાઈ યોજનાના નાયબ કાર્યપાલક ઈજનેરને પણ રવાના કરવામાં આવી છે.

# બગસરામાં દીનદયાલ ઉપાધ્યાયનો સમર્પણ દિન ઉજવાયો

અમરેલી,તા.૧૧



તસવીર : મયુર પંડયા

બગસરાના અવધ ઈલેક્ટ્રોનિક્સ ખાતે પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના સમર્પણ દિન નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાદરાણીએ ઉપસ્થિત રહી પંડિતજીની પ્રતિમાને ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા, નટુભાઈ કુબાવત સહિતના અગ્રણીઓએ શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા. આ તકે ડૉ. પીપળીયા, ભાવેશભાઈ મસરાણી, અશોકભાઈ પંડ્યા, નગરપાલિકાના સદસ્ય, કમલેશભાઈ જોશી હાજર રહ્યા હતા.

# રાજુલા-જાફરાબાદ કોંગ્રેસે મતદાર યાદીમાંથી નામ રદ થવા મુદ્દે રાજ્ય ચૂંટણી કમિશનરને આવેદન

રાજુલા,તા.૧૧

રાજુલા-જાફરાબાદ કોંગ્રેસ સમિતિ દ્વારા એસ.આઈ.આર. (મતદાન સુધારણા) કાર્યક્રમ અંતર્ગત ફોર્મ નં. ૭ દ્વારા મતદાર યાદીમાંથી નામ રદ કરાયેલા નાગરિકોના પ્રશ્ને આજે રાજુલા પ્રાંત કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આવેદનપત્ર ગુજરાત રાજ્ય ચૂંટણી કમિશનરને સંબોધીને રાજુલા પ્રાંત કલેક્ટર મારફતે



આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસ સમિતિએ રજૂઆત કરી હતી કે મતદાર યાદીમાંથી નામ રદ થવાના બનાવો લોકશાહી માટે ચિંતાજનક છે. આથી યોગ્ય તપાસ કરીને પાત્ર મતદારોના નામ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા પગલાં લેવાં જોઈએ, કારણ કે મતદાનનો અધિકાર દરેક નાગરિકનો બંધારણીય હક છે. કોંગ્રેસ સમિતિએ સ્પષ્ટ કર્યુ હતું કે, મતદારોના અધિકાર સાથે કોઈપણ પ્રકારનો અન્યાય સહન કરવામાં નહીં આવે અને જરૂરી હોય તો લોકશાહી પદ્ધતિથી આગળ પણ લડત ચાલુ રાખવામાં આવશે.

આ તકે ટીકુભાઈ વરુ, ગાંગાભાઈ હડિયા, રવિરાજભાઈ ધાખડા, નાયાભાઈ ગુજર, વિઠ્ઠલભાઈ સોલંકી, જેડી કાછડ, હરેશભાઈ બાંભણિયા, દીપકભાઈ ત્રિવેદી, અબ્દુલભાઈ સેલોત, રસુલભાઈ દલ, રજાકભાઈ થૈયમ, હિતેશભાઈ સોલંકી, ચેતનભાઈ શિયાળ, યુવરાજભાઈ વરુ, અબ્દુલભાઈ ચાવડા, અનકભાઈ સાખટ અને વિજયભાઈ ખાસિયા સહિતના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા જીરુની આવક શરૂ

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા જીરુની આવકના શ્રીગણેશ થયા છે. માલકનેસ ગામના ખેડૂત બચુભાઈ બાબુભાઈ ડાભી દ્વારા મે. વૃજલાલ પોપટલાલના કમિશનમાં નવું જીરું વેચવા માટે લાવવામાં આવ્યું હતું. યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણીના હસ્તે વિધિસર પૂજન કરી અને શ્રીફળ વધેરીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આ તકે તેમણે ખેડૂતો તથા વેપારીઓનું મોં મીઠું કરાવ્યું હતું. હરરાજીમાં વેપારીઓ, યાર્ડના સ્ટાફ અને ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં



મુહૂર્તનું જીરું ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવી હતી. જેમાં વેપારી પેઢી 'તકદીર ટ્રેડર્સ' દ્વારા રૂ. ૫૧૮૬/- ની સૌથી ઊંચી બોલી લગાવીને જીરુંની ખરીદી કરવામાં આવી હતી. મુહૂર્તના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.




# અમરેલીમાં જિલ્લા ભાજપ કાર્યાલયે પં. દીનદયાળ ઉપાધ્યાયના નિર્વાણ દિને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

અમરેલી,તા.૧૧

ભારતીય જનતા પાર્ટીના આદર્શ, જનસંઘના સ્થાપક, એકાત્મ માનવ દર્શન તેમજ અંત્યોદય વિચારધારાનાં વાહક પં. દીનદયાળ ઉપાધ્યાયજીની પુણ્યતિથિએ અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આગેવાનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. ૧૯૬૮ની સાલમાં ૧૧ ફેબ્રુઆરીએ ટ્રેન મુસાફરી દરમિયાન ભેદી સંજોગોમાં પંડિતજીનું નિધન થયેલું. સંગઠન અને અંત્યોદયને જીવનમંત્ર બનાવનાર પં. દીનદયાળ ઉપાધ્યાયજીનાં નિર્વાણ દિવસને ભારતીય જનતા પાર્ટી દ્વારા 'સમર્પણ દિન' તરીકે મનાવવામાં આવે છે. તે અંતર્ગત પ્રદેશ ભાજપ અગ્રણી અને ભાવનગર મહાનગરનાં પૂર્વ પ્રમુખ અભયસિંહ ચૌહાણે પં. દીનદયાળજીના જીવન-કવન વિશે તેમજ તેમણે બાળપણથી વેઠેલ કપરી પરિસ્થિતિ, જીવનભર સંઘર્ષ છતાં સંગઠન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા વિશે કાર્યકરોને ઉદાહરણ સહિત પ્રેરક સંબોધન કર્યુ હતું. લગ્ન સિઝન હોવા છતાં બહોળી સંખ્યામાં



ઉપસ્થિત કાર્યકરોને આવકારતાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ આગામી સમયમાં થનાર સંગઠનના કાર્યક્રમો, વર્ગો તેમજ વીબી જી રામજી યોજનાની ગ્રામ્ય સ્તરે જાગૃતિ લાવવા અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી જિલ્લા ભાજપનાં મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ખજાનચી અને કાર્યક્રમનાં ઈન્ચાર્જ દિપકભાઈ વઘાસિયા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી મયુરભાઈ માંજરિયા, મનોજભાઈ મહીડા, રેખાબેન માવદિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, વિપુલભાઈ ભટ્ટી, અલકાબેન ગોંડલિયા, રેખાબેન પરમાર, કોમલબેન રામાણી, આરતીબેન અટારા, કિરણબેન પડાયા, કાશ્મીરાબેન વ્યાસ, જિલ્લા પંચાયત સદસ્ય મુકેશભાઈ બગડા, શહેર ભાજપનાં ઉપપ્રમુખ નાથુભાઈ ધાધલ, મૌલિકભાઈ ઉપાધ્યાય, ચલાલા મંડળ પ્રમુખ જીતુભાઈ કાથરોટિયા, પ્રકાશભાઈ કારિયા, ભયલુભાઈ વાળા, અશોકભાઈ ચૌહાણ, નગરપાલિકાનાં સદસ્ય ચિરાગભાઈ ત્રિવેદી, તાલુકા ભાજપનાં મધુભાઈ હરખાણી, કાર્યાલય મંત્રી મહેન્દ્રભાઈ ચાવડા સહિત જિલ્લાનાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને પં. દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિવ્યેશભાઈ વેકરિયાએ કર્યુ હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

# રાજુલાના PSI પી.એમ. ધાખડાની PI તરીકે બઢતી

અમરેલી,તા.૧૧

રાજુલાના ધારાનેસના વતની પી.એમ. ધાખડાને પીએસઆઈમાંથી પોલીસ ઈન્સ્પેક્ટર (PI) તરીકે પ્રમોશન મળ્યું છે. તેમની શ્રેષ્ઠ કામગીરીને ધ્યાનમાં રાખી વડોદરા પોલીસ કમિશનરે તેમની નિમણૂક લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) જેવી મહત્વની શાખામાં કરી છે. પી.એમ. ધાખડાને પીઆઈનું પ્રમોશન મળતા રાજુલા પંથકમાં આનંદ છવાયો છે.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.47/2026

**પ્રતિ,**
શ્રી અકબરભાઈ ઈસબભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ અકબરભાઈ ઈસબભાઈ ઈસબાણી તથા શેહનાજ અકબરભાઈ ઈસબાણી ના પુત્રી શેહનાજ અકબરભાઈ ઈસબાણી નો જન્મ તારીખ **20/02/2003** ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.**2003** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.46/2026

**પ્રતિ,**
શ્રી અકબરભાઈ ઈસબભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ સિકંદર જુમ્માભાઈ પટેલિયા તથા રોનક સિકંદર પટેલિયાના પુત્રી સાજીયા સિકંદર પટેલિયાનો જન્મ તારીખ **01/01/2019** ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.**2019** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

જાનકી આશ્રમ ખાતે વિવિધ વિસ્તારોના અગ્રણીઓની બેઠક યોજાઈ

# બગસરામાં 'વિરાટ હિન્દુ સંમેલન'ની તડામાર તૈયારીઓ: હિન્દુ જાગરણ સમિતિની રચના


તસવીર : મયુર પંડયા

બગસરા,તા.૧૧

"હમ સબ હિન્દુ એક હૈ" ના નારા સાથે બગસરા શહેરમાં આગામી સમયમાં યોજાનાર 'વિરાટ હિન્દુ સંમેલન' અંતર્ગત તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ આયોજનના ભાગરૂપે તાજેતરમાં જાનકી આશ્રમ ખાતે શહેરના વિવિધ વિસ્તારોના અગ્રણીઓની એક મહત્વની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નટવરનગર, અમરપરા, અને ગાયત્રીનગર સહિતના અનેક વિસ્તારોને એકત્રીત કરી "વિવેકાનંદ વસ્તી" એવું ઉપનામ આપવામાં આવ્યું છે. હિન્દુ સમાજની એકતા અને સામાજિક સદભાવનાના ઉમદા હેતુ સાથે 'જય ભવાની હિન્દુ જાગરણ સમિતિ'ની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં પ્રમુખ તરીકે મહેશભાઈ વ્યાસની નિમણૂક સાથે અન્ય હોદ્દેદારોની પણ વરણી કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ વિવેકાનંદ વસ્તીમાં યોજાનારા આ ભવ્ય સંમેલનની તારીખ જાહેર કરવામાં આવશે.

# કમાણી સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓને કેન્દ્રીય બજેટની સકારાત્મક અસર વિશે માહિતી અપાઈ



અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ ખાતે ૧૧ ફેબ્રુઆરીના રોજ 'બજેટ ટોક @ કેમ્પસ'નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને કેન્દ્રીય બજેટ ૨૦૨૬ની સકારાત્મક અસરો વિશે માહિતી આપવા માટે અમરેલી જિલ્લાના નોડલ ઓફિસર ડો. અશોકભાઈ ચંદ્રવાડીયા, કે.કે. પારેખ કોમર્સ કોલેજના અધ્યાપક ડો. એ.બી. ગોરવાડીયા તથા સરકારના પ્રતિનિધિ કેતનભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એ.જે. ચંદ્રવાડીયા દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું તથા મોમેન્ટો તરીકે ડો. જીવરાજ મહેતાના જીવનને ઉજાગર કરતું પુસ્તક ×સમતાનો મેર× આપીને મહાનુભાવોનું અભિવાદન કરી મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. ડો. ગોરવાડીયાએ બજેટની તલસ્પર્શી વિગતો આપી હતી. કેતનભાઈ સોનીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ વિદ્યાર્થીઓને કેવી રીતે ઉપયોગી થઈ શકે તે વિશેની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. પૂર્વેશભાઈ વ્યાસે કરી હતી.

# ખાંભાના ભાવરડીના સરપંચ કમલેશદાદા જાનીએ રખડતી ગાયો માટે દોઢ વીઘાની જુવાર અર્પણ કરી


તસવીર : રુચિત મહેતા

ખાંભા,તા.૧૧

ખાંભા તાલુકાના ભાવરડી ગામના યુવા સરપંચ, ખાંભા વકીલ મંડળના ઉપપ્રમુખ અને જ્યોતિષ શાસ્ત્રી એવા કમલેશદાદા જાનીએ પોતાની દોઢ વીઘા જમીનમાં તૈયાર થયેલી જુવાર વિનામૂલ્યે ગૌમાતા માટે અર્પણ કરી છે. કમલેશદાદા જાનીએ ગાર્ગસ જાગીર આશ્રમમાં આવેલી પોતાની દોઢ વીઘા જમીનમાં સંપૂર્ણ પોતાના ખર્ચે બિયારણ, વાવણી અને દાડિયા સહિતનો ખર્ચ ભોગવીને જુવારનું વાવેતર કર્યું હતું. આ જુવાર તૈયાર થઈ જતા તેમણે ખાંભાના 'સેવા યજ્ઞ ગ્રુપ'ના યુવાનોની ગૌસેવાથી પ્રેરાઈને આ તમામ ઘાસચારો રખડતી ગાયો માટે આપી દીધો છે. પોતે નાના ખેડૂત હોવા છતાં તેમના આ ઉમદા વિચારને સૌ જીવદયા પ્રેમી લોકો તથા સંસ્થાઓએ આવકારીને કમલેશદાદા જાનીનો આભાર વ્યક્ત કર્યો છે.

# જૂનાગઢના શિવરાત્રી મેળા માટે અમરેલી એસ.ટી.ડિવિઝન તૈયાર

અમરેલી,તા.૧૧

ભવનાથમાં આ વર્ષનો શિવરાત્રિનો મેળો અત્યાર સુધીનો સૌથી ભવ્ય અને ઐતિહાસિક બનવાનો છે ત્યારે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભવનાથના દર્શનાર્થે આવશે. શ્રદ્ધાળુઓના ધસારાને પહોંચી વળવા માટે અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અમરેલીથી જૂનાગઢ જવા માટેની ટ્રેન સેવા બંધ હોવાથી ભાવિકો મોટાભાગે બસ દ્વારા જ ભવનાથ તળેટીએ પહોંચશે. આ અંગે વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, બુધવારથી ભવનાથમાં મહાશિવરાત્રિનો મેળો ચાલુ થઈ ગયો છે. જેથી અમરેલી સહિત જિલ્લાના વિવિધ ડેપોમાં ધીમે-ધીમે ટ્રાફિક વધશે તો જિલ્લાના તમામ ડેપો દ્વારા વધારાની બસ દોડાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. જો રૂટ સિવાય પણ વધુ ટ્રાફિક જોવા મળશે તો વધારાની બસ દોડાવવામાં આવશે. ભાવિકો મીની કુંભ મેળાનો લાભ લઈ શકે તે માટે અમરેલી એસ.ટી. ડિવિઝન સંપૂર્ણપણે તૈયાર છે. મુસાફરો આરામથી બસમાં મુસાફરી કરી શકે તેવી વ્યવસ્થા અમરેલી ડિવિઝન દ્વારા કરવામાં આવી છે તેમ અંતમાં વિભાગીય નિયામકે જણાવ્યું છે.

**ટ્રાફિક થશે તેમ વધારાની બસ દોડાવવામાં આવશે : વિભાગીય નિયામક**

# સા.કુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં 'બેસ્ટ પર્સનાલિટી' સ્પર્ધાનું આયોજન


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૧૧

સાવરકુંડલા ખાતે તારીખ ૧૦ ના રોજ નૂતન કેળવણી મંડળ સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજમાં 'બેસ્ટ પર્સનાલિટી' સ્પર્ધા યોજાઈ હતી. વકૃત્વ, સામાન્ય જ્ઞાન અને ઈન્ટરવ્યુના આધારે થયેલા મૂલ્યાંકનમાં જાદવ ફિઝુ પ્રથમ, ચુડાસમા આરતી દ્વિતીય અને બારૈયા તેજલ તૃતીય ક્રમે વિજેતા થયા હતા. પ્રિન્સિપાલ ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ નિર્ણાયકો દ્વારા વિજેતાઓને સન્માનિત કરાયા હતા.

# ઓળિયા ગામે પટેલ સેવા સમાજ દ્વારા આજે ૩૩મો સમૂહલગ્ન સમારોહ યોજાશે

અમરેલી,તા.૧૧

ઓળિયા ગામ પટેલ સમાજ દ્વારા આજે ગુરૂવારના રોજ ૩૩મો સમૂહલગ્ન સમારોહ યોજાશે. સમૂહલગ્ન સમારોહનું પ્રમુખ સ્થાન ચંદુભાઈ દેસાઈ શોભાવશે. સમારોહના ઉદ્‌ઘાટક તરીકે ગૌતમદાસ બાપુ, ભગવત પ્રસાદ સ્વામી, મહંત રામદાસ મહારાજજી, મહંત લવજીબાપુ રહેશે. આ સમૂહલગ્ન સમારોહમાં અમરેલી જિલ્લાના સમાજનાં રાજસ્વી મહાનુભાવો ખાસ હાજર રહેશે. આ સમૂહલગ્નમાં ૧૭ યુગલો પ્રભુતામાં પગલા પાડશે. આ સમૂહલગ્ન હોટલ સહયોગની સામે નવા પ્લોટમાં સાવરકુંડલા રોડ ઓળિયા ખાતે યોજાશે. કન્યાઓને દાતાઓ દ્વારા કરિયાવર અર્પણ કરવામાં આવશે. તેમજ દાતાઓએ રોકડ સ્વરૂપે પણ અનુદાન આપ્યું છે. તા.૧૨ના રોજ કન્યાદાનની સાથે બપોરે ૩થી ૮ સુધી રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. તેમ પ્રમુખ નરેશભાઈ દેવાણીની યાદીમાં જણાવાયુ છે.

# અમરેલી જિલ્લાના બોર્ડના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન જાહેર

અમરેલી,તા.૧૧

ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬માં યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓની મૂંઝવણ દૂર કરવા માટે ૧૨ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ સુધી સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ટોલ-ફ્રી હેલ્પલાઈન કાર્યરત રહેશે. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકા જેવા કે બગસરા, વડીયા, જાફરાબાદ અને સાવરકુંડલાના તજજ્ઞોના સંપર્ક નંબર જાહેર કરાયા છે.

## જિલ્લામાંથી ૯ શરાબી ઝપટે ચડ્યા

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૯ શરાબીને ઝડપી પાડ્યા હતા. ડેડાણ, ખાંભા, અમરેલી, રાજુલામાંથી મળી કુલ ૯ શખ્સો વીના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા. બગસરા નદિપરા વિસ્તારમાંથી એક યુવક બે લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો.


BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
www.bluebuddha.co.in

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડો સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડો સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ કોલેજ ગર્લ્સને ઘરેથી એકલા આવવાની ઘરે એકલા જવાની પેરેન્ટ્સ સમતિથી છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad194

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.48/2026

પ્રતિ,
શ્રી ઈસ્માઈલભાઈ રૂસ્તમભાઈ બેલિમ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ રૂસ્તમભાઈ પીરભાઈ બેલિમ તથા રહીમાબેન રૂસ્તમભાઈ બેલિમના પુત્રી જુબેદા રૂસ્તમભાઈ બેલિમનો જન્મ તારીખ 01/01/1962 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.1962 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.6/2026

પ્રતિ,
શ્રી જેસિંગભાઈ રામભાઈ ઝાલા,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.પી.રાઠોડ, કોડનાર .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી જેસિંગભાઈ રામભાઈ ઝાલાના પિતા સ્વ. રામભાઈ પબતભાઈ ઝાલાનું મરણ તારીખ 03/07/1992 ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજના સને.1992 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.51/2026

પ્રતિ,
શ્રી મનસુરભાઈ હુસેનભાઈ મનસુરી,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ હસનભાઈ પ્યારજી મનસુરી તથા સરીફાબેન હસનભાઈ મનસુરીના પુત્ર યુસુફભાઈ હસનભાઈ મનસુરીનો જન્મ તારીખ 01/06/1961 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને.1961 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.50/2026

પ્રતિ,
શ્રી યુસુફભાઈ હસનભાઈ મનસુરી,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ હસનભાઈ પ્યારજી મનસુરી તથા સરીફાબેન હસનભાઈ મનસુરીના પુત્રી રાબીયાબેન હસનભાઈ મનસુરીનો જન્મ તારીખ 01/01/1978 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા, કોડીનાર, તાલુકો-કોડીનાર સને.1978 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.49/2026

પ્રતિ,
શ્રી ઈસબાણી હસનભાઈ ઉમરભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઉમરભાઈ ઈસબભાઈ ઈસબાણી તથા હવાબેન ઉમરભાઈ ઈસબાણીના પુત્ર ફારૂકભાઈ ઉમરભાઈ ઈસબાણીનો જન્મ તારીખ 01/06/1987 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.1987 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# અમરેલી જિલ્લામાં અકસ્માતની બે ઘટના: એકનું મોત, એકને ગંભીર ઈજા

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતની વધુ બે ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. જાફરાબાદ વાપાળીયા ગામે રહેતા દિવ્યેશભાઈ કરશનભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) એ જાહેર કર્યા મુજબ, દિવ્યેશભાઈ કરશનભાઈ રાઠોડ (ઉ.વ.૨૧) પોતાનું મોટર સાયકલ લઈને જતા હતા ત્યારે રોહીશા ગામથી ખત્રીવાડા ગામ તરફ જતા રોડ ઉપર પોતાના ફઈના દીકરા મરણજનાર કિશનભાઈ ભગવાનભાઈ પામક રહે.ખત્રીવાડ તા.ઉના જી.ગીર સોમનાથ વાળાને પાછળ બેસાડી જતા હતા. આ સમયે સામેથી અજાણ્યા મોટર ચાલક આવતા પોતે બ્રેક મારતા હેન્ડલ ઉપર પોતાનો કાબુ ગુમાવતા પાછળ બેસેલ સાહેદ કિશનભાઈ રોડ ઉપર ફંગોળાઈ જતા તેમને મોંઢા ઉપર તથા કપાળના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત નિપજ્યું હતું અને પોતાના શરીરે નાની-મોટી મુંઢ ઈજાઓ થઈ હતી.

બીજા બનાવમાં ચિતલમાં રહેતા મુસ્તુફા ઈબ્રાહિમભાઈ ભારમલ (ઉ.વ ૫૪) એ આઈસર ટ્રક જેના રજી નં. GJ ૦૪ AW ૮૬૫૪ ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાનું એક્ટીવા લઈને અમરેલીથી ચિતલ ગામ તરફ જતા હતા તે દરમ્યાન મોટા માચિયાળા ગામ ૪૦૦ કેવીથી આગળ પહોંચતા સામેથી એક આઈસર ટ્રક ચાલકે પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટર સાયકલ સાથે ટ્રક ભટકાવ્યો હતો. જેમાં તેને જમણા હાથે ઈજા તથા જમણા પગે મુંઢ ઈજા થઈ હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક નાસી ગયો હતો.

# લાઠી NDPS કેસમાં ૫ મહિનાથી ફરાર આરોપી ભરૂચથી ઝડપાયો

અમરેલી, તા.૧૧



અમરેલી જિલ્લાની પેરોલ ફર્લો સ્ક્વોડે લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસમાં છેલ્લા પાંચ મહિનાથી ફરાર રહેલા આરોપીને ભરૂચમાંથી ઝડપી પાડ્યો હતો. પોલીસ મહાનિરીક્ષક ભાવનગર રેન્જના માર્ગદર્શન હેઠળ અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકના નિર્દેશ અનુસાર ફરાર આરોપીઓની ધરપકડ માટે ખાસ અભિયાન હાથ ધરાયું હતું. લાઠી પો. સ્ટે. ગુનાહિત નોંધ નંબર ૧૧૧૯૩૦૩૪૨૫૦૨૦૯ /૨૦૨૫ હેઠળ NDPS એક્ટ કલમ ૧૫(સી), ૮(સી), ૨૯ મુજબ ગુનો નોંધાયો હતો. અગાઉ પોલીસે ૫૯.૮૮૦ કિલોગ્રામ સુકા ડોડાના ખાલી ખોખા અને ભૂકો, અંદાજિત કિંમત રૂ. ૧,૭૯,૬૪૦, ઉપરાંત મોબાઈલ ફોન અને વજન કાંટા જપ્ત કર્યા હતા. આ કેસમાં ડ્રાઈવર તરીકે સંડોવાયેલ ગોપાલભાઈ નિભુભાઈ સાટીયા (ઉ.વ. ૨૫), રહે. અંકલેશ્વર, છેલ્લા પાંચ મહિનાથી નાસતો ફરતો હતો. ટેક્નિકલ સર્વેલન્સ અને માનવ સૂત્રોની માહિતીના આધારે તેને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ભરૂચ ખાતે ઝડપી લાઠી પોલીસને સોંપવામાં આવ્યો છે. આગળની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.

# મનીષ સંઘાણી દ્વારા અમરેલીની જનતાને યજ્ઞના દર્શનનું આમંત્રણ

અમરેલી, તા. ૧૧



સરદાર પટેલ ગ્રુપના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ સરદાર પટેલ ગ્રુપ અને દક્ષેશ્વર મહાદેવ યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે મહાશિવરાત્રી મહોત્સવ અંતર્ગત વૈદિક મંત્રોચ્ચાર સાથે રુદ્રયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ રુદ્રયાગ યજ્ઞમાં ૫૧ પાટલાની નોંધણી કરવામાં આવેલ છે. જેમાં યજ્ઞશાળામાં દેવાધિદેવ મહાદેવને વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞમાં આહુતિ હોમાશે. ત્યારે યુવા નેતા મનીષ સંઘાણી દ્વારા આ મહા રુદ્રયાગ યજ્ઞના દર્શન કરવા માટે સમગ્ર જિલ્લા અને અમરેલી શહેરની ધર્મપ્રેમી જનતાને પધારવા નિમંત્રણ પાઠવ્યું છે.

# લીલીયા ખાતે ઝોન કક્ષાના 'કલા ઉત્સવ ૨૦૨૬'નું ભવ્ય આયોજન

અમરેલી,તા.૧૧



અમરેલીના લીલીયામાં મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલય ખાતે બે દિવસીય ઝોન કક્ષાના કલા ઉત્સવનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. GCERT ગાંધીનગર અને ડાયેટ અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રમુખ અરુણભાઈ પટેલ અને આચાર્ય કાર્તિકભાઈ વ્યાસ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં અમરેલી, જૂનાગઢ, જામનગર સહિત સૌરાષ્ટ્રના ૬ જિલ્લાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંગીત, ગાયન, ચિત્રકામ અને બાળ કવિ જેવી ૪ સ્પર્ધાઓમાં કુલ ૭૨ કૃતિઓ રજૂ થઈ હતી. ૨૫ નિર્ણાયકો અને ૭૨ માર્ગદર્શકોની ઉપસ્થિતિમાં બાળ કલાકારોએ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી. અંતમાં તમામ સહભાગીઓને પ્રમાણપત્ર અને કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ડો. હસમુખભાઈ કરડના માર્ગદર્શન હેઠળ શાળા પરિવારે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ખાંભાના ચકાવામાં કેન્સરથી કંટાળી પુરુષે આપઘાતનો પ્રયાસ કર્યો

**આપઘાતનો પ્રયાસ કરનારને સારવાર માટે દવાખાને દાખલ કરવામાં આવ્યા**

ખાંભા, તા.૧૧

ખાંભાના ચકાવામાં કેન્સરથી કંટાળી પુરુષે આપઘાતની કોશિશ કરી હતી. આ અંગે દિપાબેન સામતભાઈ સોંદરવા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ સામતભાઈ નાજાભાઈ સોંદરવા (ઉ.વ.૩૦)ને છેલ્લા એક વર્ષથી મોઢાનું કેન્સર હતું. આ કેન્સરની બીમારીથી કંટાળી બપોરના આશરે એકાદ વાગ્યે જાહેર કરનારના ઘરે રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરવાની કોશીષ કરતા સારવારમાં દાખલ કર્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી ભાજપ દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'સમર્પણ દિવસ'ની ઉજવણી

અમરેલી,તા.૧૧



જનસંઘના સ્થાપક અને રાષ્ટ્રભક્તિના પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયના નિર્વાણ દિન એટલે કે 'સમર્પણ દિવસ' નિમિત્તે ધારી તાલુકા ભાજપ ટીમ અને કાર્યકરો દ્વારા એક વિશેષ શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પંડિતજીએ રાષ્ટ્રીય હિતમાં આપેલ અતુલ્ય ફાળો અને તેમના અંત્યોદયના વિચારને યાદ કરી ઉપસ્થિત સૌએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ધારી તાલુકા ભાજપ પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ સંગઠનના વિવિધ હોદ્દેદારો અને પાયાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પંડિતજીના જીવનમૂલ્યો અને દેશસેવા પ્રત્યેના તેમના સમર્પણને વાગોળવામાં આવ્યું હતું. ભાજપના આગેવાનોએ તેમના માર્ગે ચાલીને રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં સક્રિય રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# લાઠીના ભટ્ટવદર ગામે વાડીના શેઢે ઝટકા મશીનનો કરંટ લાગતા બાળકનું મોત

લાઠી, તા.૧૧

લાઠી તાલુકાના ભટ્ટવદર ગામે ખેતરમાં વન્ય પ્રાણીઓથી પાકના રક્ષણ માટે મુકવામાં આવેલા ઝટકા મશીનનો જોરદાર કરંટ લાગતા એક છ વર્ષના બાળકનું કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતે વાયરને અડી જવાથી લાગેલો ઝટકો જીવલેણ સાબિત થયો હતો. આ અંગે મૂળ છોટાઉદેપુરના ચોસલી ફળીયુંના રહેવાસી અને ભટ્ટદર ગામે વાડીએ રહેતા રાકેશભાઈ જયંતિભાઈ ભીલ (ઉ.વ.૨૯)એ જાહેર કર્યા મુજબ, વાડીના શેઢા પર પાકના રક્ષણ માટે ઝટકા મશીન લગાડવામાં આવ્યું હતું. તેમના પુત્ર જસવંતભાઈ ભીલ (ઉ.વ.૦૬)નો હાથ ઝટકા મશીનના લાઈવ વાયરને અડી ગયો હતો. વાયરમાંથી જોરદાર કરંટ લાગતા તે વાયર પર જ ફસડાઈ પડ્યો હતો. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના મેઘા પીપળીયા ગામે યુવક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી

**પશુઓને પાણી પાવા બાબતે માથાકૂટ**

વડીયા, તા.૧૧

વડીયા તાલુકાના મેઘા પીપળીયા ગામે પશુઓને પાણી પાવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ વિવાદમાં ત્રણ શખ્સોએ ભેગા મળી એક યુવકને ગાળો આપી, લોખંડના પાઈપ વડે હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી હતી. બનાવ અંગે દેવરાજભાઈ રત્નાભાઈ ખાંભલા (ઉવ.૪૯)એ વલ્લભભાઈ દેવીપૂજક, સુરેશ વલ્લભભાઈ દેવીપૂજક તથા હસુ વલ્લભભાઈ દેવીપૂજક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, પાણીના અવેડે માલઢોરને પાણી પાવા બાબતે તેમની અને આરોપીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા આરોપીએ તેમને બેફામ ગાળો આપી હતી અને હાથમાં રહેલા લોખંડના પાઈપ વડે ફરિયાદીના ડાબા હાથ પર પ્રહાર કરી ઈજા પહોંચાડી હતી. આ સમયે અન્ય બે શખ્સો પણ ત્યાં દોડી આવ્યા હતા અને તેમની સાથે ઝપાઝપી કરી ગાળાગાળી કરી હતી.

આ ત્રણેય શખ્સોએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.એમ. કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૧૨-૦૨-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: જ્યેષ્ઠા

### દૈનિક રાશિફળ

તા.૧૨-૦૨-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમારામાં નવી વસ્તુઓને જાણવાની ઇચ્છા રહેશે.

વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.

મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો.

કર્ક: પાર્ટનરશિપને લગતા કાર્યોમાં પારદર્શિતા જાળવી રાખવી જરૂરી છે. તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો.

સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.

કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલા: સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો.

વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનસિક સુખ આપશે.

ધન: વેપારમાં નવી પાર્ટીઓ તથા નવા લોકો સાથે વ્યવહાર કરતી સમયે સાવધાન રહો. સ્વાસ્થ્યને લગતી પરેશાની થઇ શકે છે.

મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે. અન્ય માટે પ્રેરણાદાયી રહેશે.

કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે.

મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે.

# સીમરણ ગામના પાટીયા પાસે આઈસરે એસટીને ટક્કર મારી

**અકસ્માત સર્જી ચાલક ફરાર**

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલા તાલુકાના સીમરણ ગામના પાટીયા અને ઓળીયા ગામ વચ્ચે ગુરૂપ્રસાદ હોટલ પાસે સરકારી એસ.ટી. બસ અને આઈસર ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રોંગ સાઈડમાં ધસમસતા આવતા ટ્રક ચાલકે બસને ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું અને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

આ અંગે અશોકભાઈ ઉગાભાઈ પરમાર (ઉ.વ.૪૫) એ અજાણ્યા આઈસર ટ્રકના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.સાવરકુંડલા તરફ આવી રહેલી એસ.ટી. બસ (નંબર GJ-૧૮-Z-૯૬૧૧) જ્યારે ૧૦ ફેબ્રુઆરીની વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં સીમરણના પાટીયાથી આગળ ઓળીયા ગામ પાસે આવેલી ગુરૂપ્રસાદ હોટલ નજીક પહોંચી હતી, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ટક્કરને કારણે સરકારી બસને ખાસ્સું નુકસાન થયું હતું. અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક પોતાનું વાહન લઈને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. એસ.ટી. બસના ચાલકની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા આઈસર ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.બી. મારૂ આ અકસ્માત બાબત વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા શહેરનાં નેસડી રોડ પર સ્પીડબ્રેકર મુકાતા રહેવાસીઓને રાહત

અમરેલી,તા.૧૧



સાવરકુંડલા શહેરના મહત્વપૂર્ણ સાવરકુંડલાથી નેસડી રોડ પર વાહનોની બેફામ ગતિને રોકવા અને અકસ્માતો ટાળવા માટે તંત્ર દ્વારા રોડ પર નવો ડામર પાથરવામાં આવેલ. આ નવા રોડ પર બમ્પ મુકવાની કામગીરી કરવામાં આવી છે. હાથસણી રોડ ચોકડીથી લલુડાની વાવ સુધીના વિસ્તારમાં કુલ ૧૨ સ્પીડ બ્રેકર મૂકવામાં આવતા નેસડી રોડ પરના વેપારીઓ, રહેણાંક સોસાયટીઓ, હીરા કારખાનાઓના શ્રમિકો અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.45/2026

પ્રતિ,
શ્રી ઈસબાણી અબ્દુલાભાઈ ઈસબભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ ઈસબભાઈ ઈસ્માઈલભાઈ ઈસબાણી તથા હુડબાઈ ઈસબભાઈ ઈસબાણીના પુત્ર અકબરભાઈ ઈસબભાઈ ઈસબાણીનો જન્મ તારીખ 01/01/1980 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.1982 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ નં.44/2026

પ્રતિ,
શ્રી ઈસબાણી અયુબભાઈ સુમારભાઈ,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત, મુળ દ્વારકા,
તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામના રહીશ સુમારભાઈ ઈસ્માઈલભાઈ ઈસબાણી તથા ફાતુબેન સુમારભાઈ ઈસબાણીના પુત્રી નુરીબેન સુમારભાઈ ઈસબાણીનો જન્મ તારીખ 01/01/1982 ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર સને.1982 ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૪૨/૨૦૨૬

અરજદાર :- શ્રી ધનજીભાઈ કાનજીભાઈ ડાબસરા
રહે. ચિતલ, પીરપા શેરી, તા. જી. અમરેલી
મો.નં.૯૭૨૪૧૯૬૯૬૩

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
ચિતલ, તા. જી. અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં ધનજીભાઈ કાનજીભાઈ ડાબસરા તેઓના પુત્ર રમેશભાઈ ધનજીભાઈ ડાબસરાની મરણ (તા.૩૦/૦૫/૧૯૯૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

તંત્રી લેખ

# રશિયન ખનીજ તેલ અને ભારતની કસોટી

યુક્રેન યુદ્ધ પછી વૈશ્વિક તેલ બજારમાં જે ઉથલપાથલ મચી છે, તેની અસર આજે પણ સ્પષ્ટ દેખાઈ રહી છે. દરિયામાં મહિનાઓથી અટવાયેલા રશિયન તેલ ટેન્કરો માત્ર વ્યાપારી સમસ્યા નથી, પરંતુ તે વૈશ્વિક રાજકારણ, પ્રતિબંધો અને ઊર્જા રાજનીતિની જટિલ ગૂંથણીનું પ્રતિબિંબ છે. આવા સમયમાં ભારતની ભૂમિકા અને તેનો આગળનો રસ્તો શું હશે, તે પ્રશ્ન સ્વાભાવિક રીતે ઊભો થાય છે. ખનીજ તેલ એટલે કે ક્રૂડ ઓઈલ આજના વૈશ્વિક અર્થતંત્રનું મુખ્ય ઈંધણ છે. ઉદ્યોગ, પરિવહન, વીજ ઉત્પાદન અને પેટ્રોકેમિકલ્સ જેવા અનેક ક્ષેત્રો તેલ પર આધારિત છે. વિશ્વમાં કેટલાક દેશો એવા છે જે મોટા પાયે ખનીજ તેલનું ઉત્પાદન કરે છે અને વૈશ્વિક બજારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અમેરિકા હાલમાં વિશ્વનો સૌથી મોટો ખનીજ તેલ ઉત્પાદક દેશ છે. શેલ ઓઈલ ક્રાંતિ પછી અમેરિકા ઉત્પાદન ક્ષેત્રે આગળ વધ્યું છે. ટેક્સાસ અને નોર્થ ડકોટા જેવા રાજ્યોમાં વિશાળ પ્રમાણમાં તેલ ઉત્પાદન થાય છે. અમેરિકા માત્ર પોતાના ઉપયોગ માટે નહીં, પરંતુ નિકાસ માટે પણ મોટા પ્રમાણમાં તેલ ઉત્પાદન કરે છે. સાઉદી અરેબિયા લાંબા સમયથી તેલ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણીઓમાં રહ્યું છે. વિશ્વના સૌથી મોટા પ્રમાણિત તેલ ભંડારો તેમાં આવેલાં છે. ઓપેક (OPEC) સંગઠનમાં તેની મુખ્ય ભૂમિકા છે અને તે વૈશ્વિક તેલના ભાવ પર પ્રભાવ પાડવાની ક્ષમતા ધરાવે છે. રશિયા પણ અગ્રણી ઉત્પાદક દેશોમાં સામેલ છે. યુરલ અને સાઈબેરિયા વિસ્તારના વિશાળ ભંડારો તેને વૈશ્વિક બજારમાં મજબૂત સ્થાન આપે છે. યુક્રેન યુદ્ધ પછી પણ રશિયા એશિયન દેશો સાથે વેપાર વધારી રહ્યું છે. કેનેડા તેના તેલ રેતી (Oil Sands) માટે જાણીતું છે. ચીન અને ઈરાક પણ મોટા ઉત્પાદકો છે. ઈરાક પાસે વિશાળ ભંડારો છે અને તે મધ્ય પૂર્વના મહત્વપૂર્ણ દેશોમાંનું એક છે. ચીન મોટા પાયે ઉત્પાદન કરે છે, પરંતુ તેની આંતરિક માંગ વધુ હોવાને કારણે તે આયાત પર પણ નિર્ભર છે. આ દેશોની ઉત્પાદન નીતિઓ, ભૌગોલિક પરિસ્થિતિઓ અને રાજકીય નિર્ણયો વૈશ્વિક તેલ બજારને અસર કરે છે. તેથી ખનીજ તેલ માત્ર ઊર્જા સ્ત્રોત નથી, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને રાજકારણનો મહત્વનો આધારસ્તંભ છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં દાવો કર્યો કે ભારતે રશિયન તેલ ખરીદવાનું બંધ કરવાની સંમતિ આપી છે. જોકે હકીકત એ છે કે ભારતે સત્તાવાર રીતે આવી કોઈ જાહેરાત કરી નથી. કેટલાક રિફાઈનરો નવા ઓર્ડર મુલતવી રાખી રહ્યા છે, પરંતુ ભારત સંપૂર્ણપણે રશિયન તેલથી દૂર થઈ ગયું છે એવું કહેવું હજી વહેલું છે. ભારત માટે ઊર્જા સુરક્ષા પ્રથમ પ્રાથમિકતા છે અને તે તેના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લે છે. યુક્રેન યુદ્ધ બાદ પશ્ચિમી દેશોએ રશિયા પર કડક પ્રતિબંધો લગાવ્યા હતા. તેના જવાબમાં રશિયાએ એશિયન દેશોને, ખાસ કરીને ભારત અને ચીનને, ડિસ્કાઉન્ટ દરે તેલ ઓફર કર્યું. આ તકનો લાભ લઈ ભારતે રશિયન તેલની આયાતમાં નોંધપાત્ર વધારો કર્યો. એક સમય એવો હતો જ્યારે ભારત દરરોજ લગભગ ૨ મિલિયન બેરલ રશિયન તેલ ખરીદી રહ્યું હતું. સસ્તું તેલ ભારત માટે મોંઘવારી નિયંત્રણમાં રાખવા અને રિફાઈનરીઓને સ્પર્ધાત્મક બનાવવામાં મદદરૂપ બન્યું. હવે સ્થિતિ થોડી બદલાતી દેખાઈ રહી છે. વૈશ્વિક દબાણ, અમેરિકાની રાજકીય ભૂમિકા અને બદલાતી બજાર પરિસ્થિતિઓને કારણે ભારત પોતાની ખરીદી વ્યૂહરચનામાં ફેરફાર કરી રહ્યું છે. પરિણામે, યુરલ-ગ્રેડ ક્રૂડથી ભરેલા અનેક ટેન્કરો દરિયામાં ખરીદદારની રાહ જોઈ રહ્યા છે. ચીન પણ મર્યાદિત માત્રામાં જ આ ગ્રેડ સ્વીકારી રહ્યું છે, કારણ કે તેની રિફાઈનરીઓ હળવા ગ્રેડને વધુ પસંદ કરે છે.

# "સર્વમ" ભારતીય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટનું એક શક્તિશાળી સ્વરૂપ બન્યું

સર્વમ એઆઈના "સર્વમ વિઝન" અને "બુલબુલ" જેવા ટૂલ્સે ખાસ ધ્યાન ખેંચ્યું છે. સર્વમ વિઝન ઓસીઆર (Optical Character Recognition) ક્ષેત્રે કાર્ય કરે છે, એટલે કે છબી અથવા દસ્તાવેજમાંથી લખાણને ઓળખી તેને ડિજિટલ ટેક્સ્ટમાં ફેરવે છે. ભારતીય ભાષાઓમાં ઓસીઆર હંમેશા પડકારરૂપ રહ્યું છે, કારણ કે વિવિધ લિપિઓ અને હસ્તલેખના પ્રકારો હોય છે. કેટલાક બેન્ચમાર્ક પરીક્ષણોમાં સર્વમ વિઝને ગૂગલના જેમિની અને ઓપનએઆઈના ચેટજીપીટી કરતાં વધુ સચોટ પરિણામો આપ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ દર્શાવે છે કે સ્થાનિક ડેટા અને ભાષાકીય સમજ સાથે વિકસાવેલા મોડેલો વધુ અસરકારક બની શકે છે. ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને આ વિકાસમાં "બુલબુલ" જેવી સ્વદેશી એપ્લિકેશન મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. બુલબુલ સર્વમ એઆઈ દ્વારા વિકસાવવામાં આવેલ એક ટેક્સ્ટ-ટુ-સ્પીચ (Text-to-Speech) ટૂલ છે, જે લખાણને સ્વાભાવિક અને સ્પષ્ટ અવાજમાં રૂપાંતરિત કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ ભારતીય ભાષાઓમાં ગુણવત્તાસભર અને સસ્તી વોઈસ ટેક્નોલોજી ઉપલબ્ધ કરાવવાનો છે. ભારત ભાષિક વૈવિધ્યતાનો દેશ છે. અહીં અનેક ભાષાઓ અને બોલીઓ બોલાય છે, પરંતુ ઘણી આંતરરાષ્ટ્રીય ટેક્નોલોજી કંપનીઓના મોડેલો મુખ્યત્વે અંગ્રેજી પર કેન્દ્રિત રહે છે. બુલબુલ ખાસ કરીને ભારતીય ભાષાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. તે વિવિધ ભારતીય ભાષાઓમાં કુદરતી લય, ઉચ્ચારણ અને ભાવ સાથે અવાજ ઉત્પન્ન કરી શકે છે. આ કારણે વપરાશકર્તાને મશીન જેવા નહીં પરંતુ માનવી જેવા અવાજનો અનુભવ થાય છે. બુલબુલનો ઉપયોગ અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે. સરકારી હેલ્પલાઈન, કોલ સેન્ટર્સ, બેંકિંગ સેવાઓ, ઈ-ગવર્નન્સ પ્લેટફોર્મ અને શૈક્ષણિક એપ્લિકેશન્સમાં તે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ખાસ કરીને ગ્રામ્ય અને ઓછી ડિજિટલ સાક્ષરતા ધરાવતા વિસ્તારોમાં વોઈસ આધારિત સેવા લોકો માટે વધુ સરળ અને સુલભ બને છે. બુલબુલની એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે ખર્ચ-અસરકારક છે અને ઓછી ઈન્ટરનેટ ગતિ પર પણ સારી રીતે કાર્ય કરી શકે છે. આ કારણે તે ભારત જેવી પરિસ્થિતિમાં વધુ પ્રાસંગિક બની જાય છે. આ રીતે, બુલબુલ માત્ર એક એઆઈ ટૂલ નથી, પરંતુ ભારતીય ભાષાઓને ટેક્નોલોજી સાથે જોડતી એક સશક્ત કડી છે. તે દેશના ડિજિટલ વિકાસને વધુ સમાવેશી અને સર્વસામાન્ય બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ક્ષેત્રમાં છેલ્લા થોડા વર્ષોમાં દુનિયાભરમાં ઝડપી પરિવર્તન જોવા મળ્યું છે. અમેરિકાની ઓપનએઆઈ અને ગૂગલ જેવી વૈશ્વિક કંપનીઓએ ચેટજીપીટી અને જેમિની જેવા મોડેલો દ્વારા



ટેક્નોલોજીના નવા ધોરણો સ્થાપિત કર્યા છે. પરંતુ હવે ભારત પણ આ દોડમાં મજબૂત રીતે આગળ વધી રહ્યું છે. ભારતીય સ્ટાર્ટઅપ સર્વમ એઆઈએ પોતાના નવીન ટૂલ્સ દ્વારા દર્શાવ્યું છે કે સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવાયેલા મોડેલો વૈશ્વિક દિગ્ગજો સાથે ટક્કર આપી શકે છે. સર્વમ એઆઈનો ઉદય માત્ર એક કંપનીની સફળતા નથી, પરંતુ ભારતના ટેક ઈકોસિસ્ટમ માટે ગૌરવની ક્ષણ છે. સર્વમ એઆઈની સ્થાપના ડૉ. પ્રત્યુષ કુમાર અને ડૉ. વિવેક રાઘવન દ્વારા કરવામાં આવી

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હતી. બંને સંસ્થાપકો ટેક્નોલોજી ક્ષેત્રે ઊંડો અનુભવ ધરાવે છે અને ભારત માટે સ્વદેશી એઆઈ વિકસાવવાનું સ્પષ્ટ વિઝન ધરાવે છે. ખાસ કરીને ડૉ. પ્રત્યુષ કુમારનું નામ આ ક્ષેત્રમાં વિશેષ મહત્વ ધરાવે છે. તેઓ IIT બોમ્બેમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે અને ETH ઝુરિચમાંથી પીએચડી પૂર્ણ કર્યું છે. તેમણે માઈક્રોસોફ્ટ અને IBM જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં કામ કરીને વૈશ્વિક અનુભવ મેળવ્યો છે. તેમ છતાં, તેમનું મુખ્ય ફોકસ હંમેશા ભારતીય ભાષાઓ અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ ટેક્નોલોજી વિકસાવવાનું રહ્યું છે. સર્વમ એઆઈનું કાર્ય શા માટે વિશેષ ગણાય છે તે સમજવું મહત્વનું છે. મોટા ભાગના વૈશ્વિક એઆઈ મોડેલો ભારે ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આધારિત હોય છે, જેને ઉપયોગમાં લેવા માટે ઝડપી ઈન્ટરનેટ અને ઊંચી પ્રોસેસિંગ ક્ષમતા જરૂરી હોય છે. ભારત જેવા દેશમાં, જ્યાં હજુ પણ અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ ગતિ મર્યાદિત છે અને મોબાઈલ આધારિત ઉપયોગ વધુ છે, ત્યાં આ પ્રકારના ભારે મોડેલો દરેક માટે સુલભ નથી. સર્વમ એઆઈએ આ પડકારને તક તરીકે સ્વીકાર્યો છે. કંપની હળવા, ઝડપી અને ઓછી ડેટા વપરાશવાળા મોડેલો વિકસાવી રહી છે, જે મોબાઈલ અને નબળી કનેક્ટિવિટી ધરાવતા વિસ્તારોમાં સરળતાથી કાર્ય કરી શકે. સર્વમ એઆઈનું ખાસ ધ્યાન ભારતીય ભાષાઓ પર છે. ભારત ભાષિક વૈવિધ્યતાનો દેશ છે, જ્યાં સેંકડો ભાષાઓ અને બોલીઓ બોલાય છે. વૈશ્વિક એઆઈ મોડેલો મુખ્યત્વે અંગ્રેજી અને કેટલીક પસંદગીની ભાષાઓમાં વધુ સચોટ હોય છે, જ્યારે ભારતીય ભાષાઓ માટે તેમની ક્ષમતા મર્યાદિત હોય છે. સર્વમ એઆઈએ આ ખાલી જગ્યા ઓળખી અને સ્થાનિક ભાષાઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા મોડેલો વિકસાવવાનું શરૂ કર્યું. આ પ્રયાસ માત્ર ટેક્નિકલ સફળતા નથી, પરંતુ ભાષાકીય સમાવેશ અને ડિજિટલ સમાનતાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. બીજી તરફ "બુલબુલ" ટેક્સ્ટ-ટુ-સ્પીચ ક્ષેત્રે કાર્ય કરે છે. તે લખાણને સ્વાભાવિક અને સ્પષ્ટ અવાજમાં પરિવર્તિત કરે છે. ભારતીય ભાષાઓમાં કુદરતી અવાજો ઉત્પન્ન કરવું સરળ નથી, કારણ કે દરેક ભાષાની ઉચ્ચારણ પદ્ધતિ અને લય અલગ હોય છે. બુલબુલે સ્પષ્ટ, સ્વાભાવિક અને ખર્ચ-અસરકારક અવાજો પૂરા પાડીને આ ક્ષેત્રમાં પણ પોતાની ઓળખ ઉભી કરી છે. કોલ સેન્ટર્સ, સરકારી હેલ્પલાઈન, બેંકિંગ સેવાઓ અને ડિજિટલ સહાયક એપ્લિકેશન્સ માટે આ પ્રકારની ટેક્નોલોજી ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે. સર્વમ એઆઈના પ્રયાસો સરકારી સેવાઓ માટે પણ મહત્વપૂર્ણ બની શકે છે. ભારત સરકારે ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન આપ્યું છે, પરંતુ ભાષાકીય અવરોધો હજુ પણ ઘણીવાર સમસ્યા ઉભી કરે છે. જો સરકારી દસ્તાવેજો, ફોર્મ્સ અને માહિતી ભારતીય ભાષાઓમાં સરળતાથી વાંચી અને સાંભળી શકાય, તો સામાન્ય નાગરિક માટે સેવાઓ વધુ સુલભ બનશે. સર્વમ એઆઈના ઓસીઆર અને વોઈસ ટૂલ્સ આ દિશામાં મોટું યોગદાન આપી શકે છે. બેંકિંગ અને નાણાકીય ક્ષેત્રમાં પણ સર્વમ એઆઈનું યોગદાન મહત્વપૂર્ણ બની શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા લોકો માટે અંગ્રેજી આધારિત ડિજિટલ એપ્લિકેશન્સનો ઉપયોગ કરવો મુશ્કેલ હોય છે. જો સ્થાનિક ભાષામાં વોઈસ આધારિત સહાય ઉપલબ્ધ થાય, તો નાણાકીય સમાવેશ વધુ મજબૂત બની શકે. આ ટેક્નોલોજી ડિજિટલ સાક્ષરતા વધારવામાં પણ મદદરૂપ થઈ શકે છે. સર્વમ એઆઈનો ઉદય ભારત માટે વ્યાપક અર્થમાં મહત્વ ધરાવે છે. અત્યાર સુધી એઆઈ ક્ષેત્રમાં ભારત મોટાભાગે ટેક્નિકલ ટેલેન્ટ અને સર્વિસ પ્રોવાઈડર તરીકે ઓળખાતું હતું. હવે સ્વદેશી પ્રોડક્ટ અને મોડેલો દ્વારા ભારત નવી ઓળખ બનાવી રહ્યું છે. આ વિકાસ "આત્મનિર્ભર ભારત"ના વિઝન સાથે પણ સુસંગત છે, જ્યાં દેશ પોતાની જરૂરિયાતો માટે સ્વદેશી ટેક્નોલોજી વિકસાવે છે. આ સફળતા સાથે પડકારો પણ જોડાયેલા છે. વૈશ્વિક સ્તરે સ્પર્ધા કઠિન છે અને સતત નવીનતા જરૂરી છે. ડેટા સુરક્ષા, ગોપનીયતા અને નૈતિક ઉપયોગ જેવા મુદ્દાઓ પર પણ ધ્યાન આપવું પડશે. તેમ છતાં, સર્વમ એઆઈએ જે શરૂઆત કરી છે તે ભારત માટે આશાજનક છે. અંતમાં કહી શકાય કે સર્વમ એઆઈનો ઉદય માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિ નથી, પરંતુ ભારતીય ભાષાઓ, સંસ્કૃતિ અને સ્થાનિક જરૂરિયાતોની માન્યતા છે. ડૉ. પ્રત્યુષ કુમાર અને તેમની ટીમે દર્શાવ્યું છે કે યોગ્ય વિઝન અને સમર્પણથી ભારત વૈશ્વિક એઆઈ ક્ષેત્રમાં મજબૂત સ્થાન મેળવી શકે છે. આવનારા સમયમાં જો આ પ્રકારના વધુ સ્ટાર્ટઅપ્સ આગળ આવશે, તો ભારત એઆઈ ક્ષેત્રમાં વિશ્વના અગ્રણી દેશોમાં સ્થાન મેળવવા સક્ષમ બની શકે છે.


**ભારતીય એઆઈમાં નવી ઉડાન એટલે "સર્વમ" એઆઈનો ઉદય. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના ક્ષેત્રમાં છેલ્લા થોડા વર્ષોમાં દુનિયાભરમાં ઝડપી પરિવર્તન જોવા મળ્યું છે. અમેરિકાની ઓપનએઆઈ અને ગૂગલ જેવી વૈશ્વિક કંપનીઓએ ચેટજીપીટી અને જેમિની જેવા મોડેલો દ્વારા ટેક્નોલોજીના નવા ધોરણો સ્થાપિત કર્યા છે. પરંતુ હવે ભારત પણ આ દોડમાં મજબૂત રીતે આગળ વધી રહ્યું છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૪૨ |
| જુવાર સફેદ | ૯૪૦ | ૧૨૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૩૦૦ | ૩૭૦ |
| મકાઇ | ૩૦૦ | ૩૮૦ |
| તુવેર | ૧૦૨૫ | ૧૬૦૦ |
| ચણા પીળા | ૯૪૦ | ૧૦૯૫ |
| ચણા સફેદ | ૧૨૧૦ | ૧૯૦૦ |
| અડદ | ૮૯૦ | ૧૫૬૫ |
| મગ | ૯૦૦ | ૧૯૨૦ |
| વાલ દેશી | ૯૯૦ | ૧૩૪૦ |
| ચોળી | ૯૫૦ | ૧૨૦૦ |
| મઠ | ૭૦૦ | ૧૭૦૧ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૪૦ |
| કળથી | ૩૫૧ | ૩૯૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૧૬ |
| મગફળી જાડી | ૧૩૫૦ | ૧૫૭૫ |
| મગફળી જીણી | ૧૩૫૫ | ૧૫૬૭ |
| તલી | ૧૭૫૦ | ૨૧૦૩ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૭૯ |
| સોયાબીન | ૯૦૫ | ૧૦૨૬ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૭૭૦ |
| કાળા તલ | ૨૮૬૫ | ૪૫૦૦ |
| લસણ | ૧૦૧૫ | ૧૫૫૧ |
| ધાણા | ૧૪૫૦ | ૨૦૧૦ |
| મરચા સુકા | ૩૭૫૦ | ૬૫૦૦ |
| ધાણી | ૧૫૬૦ | ૨૩૫૮ |
| વરીયાળી | ૭૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૮૦૦ |
| રાય | ૧૦૮૦ | ૧૩૫૦ |
| મેથી | ૮૫૦ | ૧૩૮૦ |
| ઇસબગુલ | ૧૨૦૧ | ૨૨૦૧ |
| રાયડો | ૯૮૦ | ૧૨૫૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૨૩ | ૯૪૨ |
| પપૈયા | ૭૬ | ૧૪૬ |
| બટેટા | ૯૮ | ૧૯૬ |
| ડુંગળી સુકી | ૭૧ | ૨૫૫ |
| ટમેટા | ૧૧૨ | ૨૨૨ |
| સુરણ | ૭૦૮ | ૮૨૪ |
| કોથમરી | ૧૧૩ | ૨૦૭ |
| સકરીયા | ૩૩૧ | ૫૨૬ |
| મુળા | ૨૬૯ | ૪૩૩ |
| રીંગણા | ૨૮૮ | ૫૩૬ |
| કોબીજ | ૬૨ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૫૮ | ૩૪૧ |
| ભીંડો | ૬૨૨ | ૧૦૩૫ |
| ગુવાર | ૧૩૩૩ | ૨૦૧૬ |
| ચોળાસીંગ | ૮૨૪ | ૧૨૮૫ |
| વાલોળ | ૩૫૧ | ૫૧૭ |
| ટીંડોરા | ૪૧૩ | ૯૮૧ |
| દુધી | ૨૫૨ | ૩૯૩ |
| કારેલા | ૭૯૩ | ૯૮૮ |
| સરગવો | ૮૮૭ | ૧૪૧૧ |
| તુરીયા | ૬૯૧ | ૧૦૫૭ |
| પરવર | ૧૪૨૬ | ૧૮૪૨ |
| કાકડી | ૩૧૯ | ૫૪૪ |
| ગાજર | ૨૨૩ | ૪૦૫ |
| વટાણા | ૫૦૭ | ૫૬૯ |
| તુવેરસીંગ | ૫૮૮ | ૭૫૪ |
| ગલકા | ૬૦૫ | ૧૦૧૨ |
| બીટ | ૫૫ | ૧૩૯ |
| મેથી | ૧૫૭ | ૨૧૯ |
| વાલ | ૭૭૯ | ૯૨૪ |
| ડુંગળી લીલી | ૨૧૧ | ૩૨૬ |
| આદુ | ૧૧૧૧ | ૧૩૭૯ |
| ચણા લીલા | ૧૦૮ | ૨૪૦ |
| મરચા લીલા | ૬૦૯ | ૭૯૮ |
| હળદર લીલી | ૩૧૩ | ૫૦૭ |
| લસણ લીલું | ૬૮૫ | ૯૭૦ |
| મકાઇ લીલી | ૧૬૮ | ૨૮૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૫૬ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૪૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૩૬ |
| મગફળી જીણી | ૧૧૮૧ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૬૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૩૦૬ |
| જીરૂ | ૨૬૫૧ | ૪૭૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૮૧૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૯૦૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૯૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૪૧ |
| મઠ | ૯૦૦ | ૯૦૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૫૬૧ |
| રાયડો | ૯૨૬ | ૧૧૨૧ |
| રાય | ૧૧૭૧ | ૧૧૭૧ |
| મેથી | ૭૦૦ | ૧૧૧૧ |
| કાંગ | ૧૨૧ | ૬૦૧ |
| મરચા | ૧૪૫૧ | ૭૭૦૧ |
| મગફળી જાડી | ૧૧૧૧ | ૧૫૫૬ |
| નવું લસણ | ૫૮૧ | ૧૧૧૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૭૮૧ |
| મગફળી ૬૬ | ૧૨૫૦ | ૧૭૬૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૧૪૧ |
| ધાણી | ૧૧૦૧ | ૩૦૦૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૯૧ |
| બાજરો | ૩૩૧ | ૩૫૧ |
| જુવાર | ૩૦૧ | ૩૦૧ |
| મકાઇ | ૩૬૧ | ૩૬૧ |
| મગ | ૯૧૧ | ૨૦૨૧ |
| ચણા | ૯૭૬ | ૧૦૮૧ |
| વાલ | ૩૩૧ | ૧૧૭૧ |
| ચોળા / ચોળી | ૫૦૧ | ૫૦૧ |
| સોયાબીન | ૮૦૧ | ૯૮૬ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૯૧ |
| વટાણા | ૬૨૬ | ૧૧૭૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૬૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૫૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૬૦ | ૭૦૦ |
| વાલ | ૩૦૦ | ૯૦૦ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૪૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| લીલી હળદર | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| લીમડો પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૧ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૩ | ૧૨ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૫ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૧૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૫૮૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૨ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૯૦ | ૧૫૨૦ |
| શીંગ ગીરનાર | ૧૩૦૦ | ૧૫૮૦ |
| શિંગ મોટી | ૯૨૦ | ૧૫૫૦ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૯૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૩૦ | ૨૦૭૦ |
| તલ સફેદ | ૧૨૧૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૨૬૩૦ | ૪૨૦૦ |
| તલ કાશ્મીરી | ૧૯૭૦ | ૧૯૭૦ |
| બાજરો | ૨૯૦ | ૪૦૦ |
| જુવાર | ૮૨૫ | ૧૨૦૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૫૫ |
| મકાઈ | ૨૫૦ | ૩૩૦ |
| અડદ | ૭૪૦ | ૧૩૫૦ |
| ચણા | ૬૪૦ | ૧૦૬૫ |
| સફેદ ચણા | ૭૬૦ | ૧૧૭૦ |
| તુવેર | ૬૨૫ | ૧૫૭૦ |
| કપાસ | ૯૦૦ | ૧૨૭૫ |
| એરંડા | ૧૦૪૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૪૦૦ |
| રાયડો | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણા | ૧૫૭૦ | ૧૯૪૦ |
| ધાણી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૮૫૫ | ૯૮૫ |
| મરચા લાંબા | ૧૭૫૦ | ૬૯૭૦ |
| કાંગ | ૫૬૫ | ૫૬૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૩૦ |
| રીંગણા | ૩૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૮૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૭૦ |
| શક્કરીયા | ૩૫૦ | ૪૮૦ |
| ટમેટાં | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૬૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| મૂળા | ૧૦૦ | ૧૯૦ |
| કાકડી | ૨૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૭૫૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૪૫૦ | ૫૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૭૫૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| આમળા | ૭૦૦ | ૮૦૦ |
| ચણા લીલાં | ૮૦૦ | ૯૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૫૦ |
| વાલ | ૪૦૦ | ૫૫૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૧૦ |
| કોથમીર | ૧૨૦ | ૨૧૦ |
| મેથીભાજી | ૨૦૦ | ૨૫૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૩૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં લાલ | ૧૨૧૦ | ૧૩૨૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૬૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૨૨૦૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૫૧૮૬ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૬૩૦ |
| જુવાર | ૯૦૦ | ૧૦૬૭ |
| અડદ | ૯૦૦ | ૧૩૭૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૨૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૯૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૩૫૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૫ | ૧૪૫૫ |
| મગફળી | ૧૦૭૬ | ૧૩૦૧ |
| ઘઉં | ૪૫૭ | ૫૧૯ |
| ચણા | ૧૦૭૬ | ૧૦૭૬ |
| તુવેર સફેદ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ધાણા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| રાય | ૧૩૯૫ | ૧૩૯૫ |
| અડદ | ૧૨૨૫ | ૧૨૨૫ |
| શીંગ દાણા | ૧૦૫૦ | ૧૩૨૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૯૪ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ઘઉ ટુકડા | ૪૭૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૩૦ |
| ધાણા | ૧૩૮૦ | ૧૬૧૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૯૯૨ |
| મગફળી | ૮૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૪૪૮ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગ | ૭૦૦ | ૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| કપાસ મીડીયમ | ૧૨૭૦ | ૧૩૮૦ |
| મગફળી | ૧૧૫૦ | ૧૪૬૦ |
| તુવેર | ૯૪૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૩૨૧૫ | ૪૪૫૧ |
| અડદ | ૧૦૭૫ | ૧૨૭૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૫ | ૧૫૫૪ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૪ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૮૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૫ |
| ચણા | ૮૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૨૦૧ | ૧૪૬૬ |
| મગફળી | ૮૦૧ | ૧૩૪૬ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૪૯૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૫૬ |
| સોયાબીન | ૮૫૬ | ૮૫૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૭૦ | ૧૪૫૮ |
| મગફળી ૩૨ નં. | ૧૨૩૦ | ૧૩૯૮ |
| બાજરો હાઈબ્રીડ | ૩૫૦ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| રાયડો | ૯૫૦ | ૧૧૨૨ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૩૭ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૧૨ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૯૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૮૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૫૫ |
| કાંગ | ૪૫૦ | ૫૮૨ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૧ | ૧૫૯૫ |
| મગફળી | ૯૦૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૦૧૭ | ૧૦૧૭ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૧ |
| ધાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

## શબ્દ સંજોગ-૨૧૪૭



**આડી ચાવી :**
(૧) મારૂતિ, સંકટમોચન (૪)
(૪) કવિતા કરવી તે (૩)
(૬) જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
(૭) મોટુ મકાન, હવેલી (૪)
(૧૦) ઊતરી ગયેલી જીર્ણ ચામડી (૨)
(૧૨) જમવું કે ખાવું તે (૩)
(૧૪) ......સોનું ને અર્ધોમણ રૂપુ (૪)
(૧૬) ઘાસના પુળાથી ભરેલ ગાડું (૨)
(૧૭) વ્યાયામ (૪)
(૧૯) બેની સંજ્ઞા (૨)
(૨૦) મેથીની જાતનું એક ઘાસ (૩)
(૨૧) એક પક્ષી (૩)
(૨૨) ઉતાવળું, ત્વરિત (૨)
(૨૩) પાઠશાળા, નિશાળ (૨)
(૨૪) તો.......તમને આમાં રસ છે !(૧)
(૨૫) એક ધાન્ય (૨)
(૨૬) રંગલો જામ્યો કાલિંદીને ઘાટ.......તારા ઓરે છબીલા તારા...(૩)
(૨૭) શુકનવાળું (૫)
(૨૮) ના, નહિ (૧)

**ઉભી ચાવી :**
(૧) શંકર, મહાદેવ (૨)
(૨) ઈલાજ ઉપાય (૩)
(૩) દૂધી (૨)
(૪) વડોદરા જિલ્લાનો તાલુકો (૪)
(૫) મૂળ ગામ કે દેશ (૩)
(૮) માતૃભૂમિ (૩)
(૯) પારો, સીસુ તથા ગંધકની મેળવણીનો લાલ ભૂકો (૩)
(૧૧) ઘસરડો, ઉજરડો (૪)
(૧૩) એક રાશી (૩)
(૧૫) ઓહો શું....છે !(૨)
(૧૬) જમવાનું સ્થાન, વીશી (૫)
(૧૮) .......રે જુઠ મત બોલો (૩)
(૧૯) ખભાથી કોણી સુધીનો ભાગ (૨)
(૨૨) પૃથ્વી, ધરતી (૩)
(૨૫) રકઝક, પંચાત (૨)
(૨૬) તરંગ, મોજુ (૨)

## શબ્દ સંજોગ-૨૧૪૬ જવાબ

**આડી ચાવી :** (૧) વડોદરા (૪) ભાસ (૬) વરૂથ (૮) ટીકડી (૧૦) ડગશ (૧૨) સલમા (૧૪) સલીમ (૧૬) સીર (૧૯) ગબારો (૨૧) તમામ (૨૨) નખી (૨૪) ઢોલ (૨૫) ચલ (૨૬) સ્વર (૨૭) તાવ (૨૮) વંડી (૨૯) અસ્થ (૩૦) પાવતી.

**ઉભી ચાવી :** (૧) વટારી (રાવટી) (૨) દમડી (૩) તરૂ (૫) સરેશ (૬) વત્સલ (૭) થડ (૯) કવ્વાલી (૧૧) ગપ (૧૩) માસી (૧૪) સર્જન (૧૫) મગ (૧૭) રતલ (૧૮) અમરાવતી (૨૦) બાધ (૨૩) ખીચડી (૨૪) ઢોર (૨૬) સ્વસ્થ (૨૭) તાવ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# સુરતની સિલ્વી વોચનો વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયામાં સ્થાન મેળવી નવો કીર્તિમાન

સુરત,તા.૧૧

ભારતીય લક્ઝરી વોચ ઉદ્યોગમાં સુરતસ્થિત કંપની સીનર્જી એક્સ ટ્રેન્ડ્સ પ્રાઈવેટ લિમિટેડે વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયામાં સ્થાન મેળવી એક અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે. કંપનીની બ્રાન્ડ સિલ્વીએ ભારતમાં પ્રથમવાર કસ્ટમર કો-ક્રિએશન પ્રોટો ટાઈપ પ્રોગ્રામ રજૂ કરીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો છે. આ પ્રોગ્રામ અંતર્ગત નવી ઘડિયાળ સત્તાવાર રીતે લોન્ચ થાય તે પહેલાં તેના નમૂના ગ્રાહકોને ખરીદી માટે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગ્રાહકો આ ઘડિયાળનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરી તેના લુક, કમ્ફર્ટ અને સ્થિરતા અંગે પોતાનો પ્રતિસાદ આપે છે. જેના આધારે કંપની ફાઈનલ પ્રોડક્ટ તૈયાર કરે છે. વર્ષ ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૪,૦૦,૦૦૦ થી વધુ ઘડિયાળોનું વેચાણ કરનાર



સિલ્વી બ્રાન્ડની આ પહેલને વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા દ્વારા ૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સ્વીકારવામાં આવી છે. આ સફળતા મેક ઈન ઈન્ડિયા અભિયાનને વેગ આપવાની સાથે ગ્રાહકોના સંતોષને સર્વોપરી રાખવાની કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

કંપનીના કો-ફાઉન્ડર કૃષ્ણા ઘેવરીયા તથા ઈશાન કુકડીયાએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતુ કે આ સિદ્ધિ સિલ્વીના માનવંતા ગ્રાહકોએ અમારા પર મૂકેલા અતૂટ વિશ્વાસનું પરિણામ છે. સાથે અમારી સમસ્ત ટીમના અથાગ પરિશ્રમ અને અતૂટ સમર્પણથી આ મુકામ હાંસલ કરી શક્યા છીએ.

# લીલીયા સિવિલ હોસ્પિટલમાં પીવાના પાણીની સમસ્યાથી દર્દીઓને મુશ્કેલી

**દર્દીઓને ફરજિયાત નાણા ખર્ચી પીવાનું પાણી લેવુ પડતુ હોવાથી રોષ**

લીલીયા,તા.૧૨

લીલીયા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા સાત દિવસથી પીવાના પાણીની ગંભીર અછત સર્જાઈ છે. હોસ્પિટલ જેવી અતિઆવશ્યક જગ્યાએ પીવાના પાણીની સુવિધા ન હોવાને કારણે અહીં દાખલ દર્દીઓ, તેમના સગાં-સંબંધીઓ અને હોસ્પિટલ સ્ટાફને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ખાસ કરીને સારવાર માટે આવતા વૃદ્ધો, મહિલાઓ અને નાના બાળકો માટે "પાણી ક્યાંથી



મેળવવું?" તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. પીવાનું પાણી ન મળતા દર્દીઓને ના છૂટકે બહારથી પાણી લાવવું પડે છે. આ પાયાની જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી હોસ્પિટલની હોવા છતાં, હજુ સુધી કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી. વહીવટી તંત્રની આ બેદરકારીને કારણે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

# મોરૂકા પ્રાથમિક શાળામાં નમ્રતાગ્રીન ફાઉન્ડેશન અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન

જુનાગઢ,તા.૧૧

નમ્રતાગ્રીન ફાઉન્ડેશન અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા મોરૂકા પ્રાથમિક શાળામાં દીકરીઓ માટે મહેંદી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નમ્રતાગ્રીન ફાઉન્ડેશનના જૂનાગઢ જિલ્લા પ્રમુખ રાહુલભાઈ માકડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન દ્વારકાધીશની પ્રેરણાથી યોજાયેલ આ સેવાકાર્યમાં દાતા રાકેશભાઈ સોલંકી, હિતેશભાઈ બગડા, મહેન્દ્રભાઈ રાઠોડ



અને ભગવાનજીભાઈ પરમાર તરફથી અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

કાર્યક્રમના અંતે તમામ સહભાગી દીકરીઓને ઈનામો અને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# અંબુજા ફાઉન્ડેશન દ્વારા ત્રિ દિવસીય બ્રેસ્ટ કેન્સર અવેરનેસ વર્કશોપનું આયોજન

કોડીનાર,તા.૧૧

અંબુજા ફાઉન્ડેશન, અંબુજા સિમેન્ટ, એસોસિએશન ઓફ બ્રેસ્ટ સર્જરી યુકે-ઈન્ડિયા, જિલ્લા આરોગ્ય વિભાગ ગીર સોમનાથના સંયુક્ત ઉપક્રમે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ તાલીમ અને ફ્રી બ્રેસ્ટ કેન્સર નિદાન કેમ્પનું આયોજન ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન નીલેશ જાજડિયા IPS, રેન્જ આઈજીના હસ્તે કરવામાં આવેલ. આ ત્રિ દિવસીય વર્કશોપમાં વિશ્વના કેન્સર નિષ્ણાત સર્જનો





તસવીર : ધર્મેશ પાઠક

દ્વારા ડૉક્ટર તેમજ મેડિકલ સ્ટાફને બ્રેસ્ટ કેન્સરના લક્ષણો અને સારવાર તેમજ પ્રિવેન્શન સંબધિત તાલીમ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ૧ દિવસ ફ્રી બ્રેસ્ટ કેન્સર તપાસ કરવામાં આવશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ આજના સમયમાં વધતાં જતાં બ્રેસ્ટ કેન્સરના કેસ અને તેના પ્રત્યેની જાગૃતિ વધારવાનો છે. આ કાર્યક્રમમાં જિલ્લાના PHC અને CHC તેમજ ખાનગી હોસ્પિટલના ડૉક્ટરો સહભાગી થઈ માર્ગદર્શન મેળવશે. આ કાર્યક્રમમાં ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ તેમજ સૌરાષ્ટ્ર કેન્સર હોસ્પિટલના નિષ્ણાત દ્વારા વિષય ઉપર વિશેષ છણાવટ કરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ છે.

# કોડીનારના સેઢાયા ગામની કરાટે ખેલાડીનું સરપંચ સંઘના પ્રમુખ દ્વારા સન્માન



તસવીર : ધર્મેશ પાઠક

કોડીનાર,તા.૧૧

કોડીનારના સેઢાયા ગામની દીકરી નિષ્ઠા પંપાણિયાનું સન્માન સરપંચ સંઘના પ્રમુખ કનુભાઈ લાખણોત્રાએ કર્યું હતું. નિષ્ઠા પ્રવીણભાઈ પંપાણીયા જેમણે એસજીએફઆઈ દ્વારા આયોજીત (થા ન્ગથા) કરાટે ચેમ્પિયનશિપ રાષ્ટ્રીય સ્તરે બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. દીકરીએ મેડલનો શ્રેય ગ્રામજનોને આપી અને ગામના વડીલો, માતા-પિતાનાં ચરણસ્પર્શ કરી અને આશીર્વાદ મેળવ્યા હતા.

# ધોરાજી યુનિયન સ્પોર્ટ કલબ ખાતે સરકારી શાળા નં. ૧૧ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ

ધોરાજી,તા.૧૧

ધોરાજીના ઉપલેટા રોડ પર આવેલ યુનિયન સ્પોર્ટ કલબ ખાતે જમનાવડ રોડ સ્થિત સરકારી શાળા નંબર ૧૧ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક કીટ વિતરણ અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના લઘુમતી અને હિન્દુ સમાજના વિદ્યાર્થીઓએ સાથે




તસવીર : નયન કુહાડીયા

મળીને દેશભક્તિનો રંગારંગ કાર્યક્રમ રજૂ કરી કોમી એકતાના અનોખા દર્શન કરાવ્યા હતા. કુલ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓએ આ દેશભક્તિના કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુનિયન સ્પોર્ટ કલબ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા અને વસ્તીમાં ગરીબ લોકોને મદદરૂપ થવા આવા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે શૈક્ષણિક કીટ અને રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગીર સોમનાથમાં 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' હેઠળ ૫૭૫ કેન્દ્રોનો કાયાકલ્પ: બાળકો માટે બન્યા 'બાળમિત્ર' ધામ

ગીર સોમનાથ,તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા જાન્યુઆરી-૨૦૨૬માં રાજ્યના આંગણવાડી કેન્દ્રોને વધુ સુદ્રઢ, સુરક્ષિત અને આધુનિક બનાવવાના હેતુથી શરૂ કરવામાં આવેલી 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' ગીર સોમનાથ જિલ્લામાં સફળતાપૂર્વક આગળ વધી રહી છે. આ પહેલ અંતર્ગત જિલ્લાના તમામ તાલુકાઓના કુલ ૫૭૫ આંગણવાડી



કેન્દ્રોને નવો ઓપ આપીને સુસજ્જ કરવામાં આવ્યા છે. આ ઝુંબેશ હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આંગણવાડી ભવનોમાં નાનું-મોટું સિવિલ કામ, ફ્લોરિંગનું રિપેરિંગ અને બારી-દરવાજાની સુધારણા કરવામાં આવી છે. કેન્દ્રોને આકર્ષક બનાવવા માટે કલરકામની સાથે બાળકોને ગમે તેવું શૈક્ષણિક અને મનોરંજક ચિત્રકામ (Bala Painting) કરવામાં આવ્યું છે. તદુપરાંત, કેન્દ્રોની અંદર અને આસપાસના પરિસરમાં સંપૂર્ણ સફાઈ કરી આરોગ્યપ્રદ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. આ નવીનીકરણને પરિણામે આંગણવાડીઓ હવે વધુ સ્વચ્છ અને 'બાળમિત્ર' બની છે. જેનાથી જિલ્લાના હજારો ભૂલકાઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને ભૌતિક સુવિધા સભર અને અનુકૂળ વાતાવરણ મળી રહેશે. રાજ્ય સરકારની આ પહેલથી આ આંગણવાડીઓ ભાવિ પેઢીના માનસિક અને શારીરિક વિકાસ માટેનું મજબૂત કેન્દ્ર બનશે.

# ઉના તાલુકાના ખત્રીવાડામાં મધરાતે સિંહોની ડણકથી આખું ગામ જાગ્યું

ઉના, તા. ૧૧

ઉના તાલુકાના ખત્રીવાડા ગામમાં બે દિવસ પહેલા રાત્રિના સમયે બે સિંહ ગામમાં ઘૂસી આવ્યા હતા અને ગામની મધ્યમાં બે માલઢોરનો શિકાર કર્યો હતો. સિંહની ડણકથી આખું ગામ ગુંજી ઉઠ્યું હતું અને ગ્રામજનો પણ જાગી ગયા હતા. બે સિંહ ગામની પ્રાથમિક શાળા તરફ આગળ



તસવીર : કૈલાશ ભટ્ટ

વધી રહ્યા હતા. સિંહ આવ્યા હોવાની જાણ થતાં માલઢોરમાં પણ દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક શાળા નજીક સિંહના દૃશ્યો આસપાસ રહેતા લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. સિંહોએ પ્રાથમિક શાળા પાસે જ માલઢોરનો પીછો કર્યો હતો અને ગામની મધ્યમાં બે પશુઓનો શિકાર કર્યો હતો. ગામના સરપંચ જીતેન્દ્રભાઈ શિયાળે આ ઘટનાની પુષ્ટિ કરી હતી. તેમણે જણાવ્યું કે, સિંહોએ ગામની મધ્યમાં બે માલઢોરનો શિકાર કર્યો છે.

**કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પત્ર પાઠવ્યો**

# કોડીનારમાં રૂ. ૧૦ની ચલણી નોટ અને સિક્કાની ભારે અછતથી વેપારીઓ અને ગ્રાહકો પરેશાન

**ગ્રાહકોને પરચૂરણ પાછું આપવામાં વેપારીઓને ભારે હાલાકી**

કોડીનાર,તા.૧૧

કોડીનાર પંથકમાં છેલ્લા કેટલાક સમયથી રૂ. ૧૦ની ચલણી નોટો અને સિક્કાની ભારે અછત સર્જાતા વેપારીઓ અને સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાયા છે.

આ સમસ્યાના ઉકેલ માટે કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને પત્ર પાઠવી તાત્કાલિક પૂરતો જથ્થો ફાળવવા માંગ કરવામાં આવી છે. હાલમાં બજારમાં રૂ. ૧૦ની નોટ કે સિક્કા ન મળવાને કારણે છૂટક વ્યવહારમાં મોટી સમસ્યા ઊભી થઈ છે. ગ્રાહકોને પરચૂરણ પાછું આપવામાં વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ અંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હરિભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે, એક તરફ બજારમાં મંદીનો માહોલ છે, તો બીજી તરફ પરચૂરણની અછતને કારણે વેપાર પર માઠી અસર પડી રહી છે. નાના-મોટા તમામ વેપારીઓ આ સમસ્યાથી પીડાઈ રહ્યા છે.

આ અછત અંગે જ્યારે કોડીનારની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખામાં તપાસ કરવામાં આવી, ત્યારે સ્થાનિક અધિકારીઓએ પણ લાચારી વ્યક્ત કરી હતી. બેંકના જણાવ્યા અનુસાર બેંક પાસે પણ લાંબા સમયથી રૂ.૧૦ની નોટ કે સિક્કાનો નવો સ્ટોક આવ્યો નથી. સ્થાનિક શાખા દ્વારા અગાઉથી જ RBI પાસે માંગણી કરવામાં આવી છે, પરંતુ હજુ સુધી જથ્થો ફાળવવામાં આવ્યો નથી. કોડીનાર ચેમ્બર ઓફ કોમર્સે RBIને મોકલેલા પત્રમાં ભારપૂર્વક જણાવ્યું છે કે, વહેલી તકે રૂ.૧૦ના સિક્કા અને નોટોની વ્યવસ્થા કરવામાં આવે.

# સુત્રાપાડાના સ્વ. હોમગાર્ડ જવાનના પરિવારને રૂ. ૧.૫૫ લાખની કલ્યાણ નિધિ સહાય અર્પણ

સુત્રાપાડા,તા.૧૧

સુત્રાપાડાના વતની અને હોમગાર્ડઝ દળમાં છેલ્લા ૨૫ વર્ષથી નિષ્ઠાપૂર્વક સેવા આપતા જવાન સ્વ. લખમણભાઈ નારણભાઈ વાજાનું લાંબી બીમારીના કારણે ગત તા. ૧૪-૩-૨૫ના રોજ અવસાન થયું હતું. ફરજ દરમિયાન અવસાન પામેલા આ જવાનના પરિવારને આર્થિક ટેકો મળી રહે તે માટે ગુજરાત સરકારના હોમગાર્ડઝ વિભાગ દ્વારા મંજૂર કરાયેલી



સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. અમદાવાદ સ્થિત કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય દ્વારા 'કલ્યાણ નિધિ ફંડ'માંથી અવસાન સહાય તેમજ મરણોત્તર સહાય પેટે મંજૂર થયેલ રૂ. ૧,૫૫,૦૦૦ (એક લાખ પંચાવન હજાર)નો ચેક સુત્રાપાડા સ્થિત ડો. ભરતભાઈ બારડ શૈક્ષણિક સંકુલ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમાં સોંપવામાં આવ્યો હતો. આ સહાયની દરખાસ્ત ગીર સોમનાથ જિલ્લા કમાન્ડન્ટ દ્વારા કરવામાં આવી હતી. ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના હસ્તે સ્વ. લખમણભાઈના પત્ની ગં.સ્વ. કમલાબેન વાજાને આ ચેક સુપરત કરવામાં આવ્યો હતો. સહાય મળતા જવાનના પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ૩૪મા સમૂહ લગ્નોત્સવમાં ૩ યુગલોના લગ્ન અને ૫ બાળકોના યજ્ઞોપવિત યોજાયા

ઉના,તા.૧૧

ઉના શહેરમાં ઉના તાલુકા સમસ્ત બ્રહ્મસમાજ અને સમૂહ લગ્ન-યજ્ઞોપવિત સમિતિના ઉપક્રમે ૩૪મા સમૂહલગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વૈદિક અને શાસ્ત્રોક્ત પરંપરા મુજબ ૩ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા, જ્યારે ૫ બાળકોએ યજ્ઞોપવિત ધારણ કર્યા હતા. આ ધાર્મિક કાર્યક્રમમાં વિદ્વાન ભૂદેવો રમેશભાઈ દીક્ષિત,



ચેતનભાઈ જાની અને મુકેશભાઈ જોશી (શુક્લજી) દ્વારા વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ અવસરે ઉના તાલુકાના બ્રહ્મ અગ્રણીઓ અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને નવદંપતીઓ તથા યજ્ઞોપવિત ધારણ કરનાર બાળકોને આશીર્વાદ આપ્યા હતા. અંદાજે ૧૫૦૦થી ૨૦૦૦ બ્રાહ્મણોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં આજીવન ભોજન દાતા બાબુભાઈ ગજેરા તથા અન્ય દાતાઓનું આયોજકો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને અગ્રણી રામભાઈ વાળા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સમૂહલગ્ન સમિતિ, બ્રહ્મ કર્મચારી મંડળ, પરશુરામ યુવા સંસ્થાન અને મહિલા મંડળના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ગુજરાત બોર્ડ પરીક્ષા : ૫૦૭૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રતિ કલાક ૨૦ મિનિટ વધારાનો સમય મળશે

અમદાવાદ, તા. ૧૧

આગામી ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. રાજ્યમાં કુલ ૧૫,૨૭,૭૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ વર્ષે પ્રથમવાર ૫૦૭૦ દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રતિ કલાક ૨૦ મિનિટ વધારાનો સમય ફાળવવાનો નિર્ણય લેવાયો છે. એટલે કે ૩ કલાકના પેપર માટે તેમને કુલ ૧ કલાક વધારાનો સમય મળશે. ગુજરાત બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એક્શન પ્લાન મુજબ, ૯,૦૭,૧૭૫ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ની પરીક્ષા આપશે. ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહમાં ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહમાં ૫,૦૧,૨૮૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાની તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. ધોરણ ૧૦ માટે રાજ્યભરમાં ૩૨૪૩ બિલ્ડિંગમાં ૧૦૦૬ કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન કરાયું છે. દિવ્યાંગ



વિદ્યાર્થીઓને સુવિધા મળે તે માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમને પ્રતિ કલાક ૨૦ મિનિટ વધારાનો સમય આપવામાં આવશે, જેથી તેઓ સરળતાથી પેપર પૂર્ણ કરી શકે. અમદાવાદ જિલ્લામાં પરીક્ષા વ્યવસ્થાને લઈને જિલ્લા શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું કે આરોગ્ય વિભાગ, એસટી વિભાગ સહિત તમામ સંલગ્ન વિભાગો સાથે સંકલન પૂર્ણ થયું છે. સ્ટ્રોંગ રૂમમાં નિયુક્ત સ્ટાફને તાલીમ આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં કુલ ૩૪૭ બિલ્ડિંગમાં ૯૫,૬૮૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ધોરણ ૧૨ સાયન્સના ૮૧૫૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

# રાજકોટ ભાજપમાં ફરી વિવાદ : બિયર ટીન સાથે હોદ્દેદારના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ શહેરમાં ભાજપ સાથે જોડાયેલા નેતાઓના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજકીય માહોલ ગરમાયો છે. તાજેતરમાં શહેર ભાજપ ઉપપ્રમુખ સોમાભાઈ ભાલિયાનો વીડિયો ચર્ચામાં આવ્યા બાદ હવે અનુસૂચિત જનજાતિ મોરચાના મહામંત્રી જીતેન્દ્ર વાઘેલાના બિયર ટીન સાથેના ફોટા વાયરલ થતાં નવી ચર્ચા શરૂ થઈ છે. વિગતો મુજબ,



જીતેન્દ્ર વાઘેલાના બે ફોટા સોશિયલ મીડિયા પર ઝડપથી પ્રસરી રહ્યા છે. એક ફોટામાં તેઓ શર્ટ વગર દેખાઈ રહ્યા છે અને તેમના હાથમાં બિયરનું ટીન છે. બીજા ફોટામાં તેઓ હિંચકા પર પગ પર પગ ચઢાવીને બેઠા છે અને તેમાં પણ તેમના હાથમાં બિયરનું ટીન નજરે પડે છે. ફોટા અચાનક વાયરલ થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ ઊભો થયો છે. ઉલ્લેખનીય છે કે, સોમાભાઈ ભાલિયાનો એક વીડિયો પણ આજે સવારે ચર્ચામાં રહ્યો હતો, જેમાં તેઓ માતાજીના માંડવામાં ભક્તિમાં લીન થઈ ધૂણતા અને સાંકળો ઝીકતા દેખાતા હતા. આ મામલે સોમાભાઈ ભાલિયાએ જણાવ્યું હતું કે વીડિયો જૂનો છે અને તેમની વર્તણૂક શ્રદ્ધા સાથે જોડાયેલી છે. તેમણે આ વીડિયો કોઈ હિતશત્રુ દ્વારા ઈરાદાપૂર્વક વાયરલ કરાયો હોવાનો આક્ષેપ કર્યો હતો.

# મધ્યપ્રદેશમાં છૂટાછેડા લીધેલી દીકરીઓને કુટુંબ પેન્શનનો અધિકાર


ભોપાલ, તા. ૧૧

મધ્યપ્રદેશ કેબિનેટે છૂટાછેડા લીધેલી મહિલાઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે રાજ્યમાં છૂટાછેડા લીધેલી દીકરીઓને તેમના માતાપિતાના કુટુંબ પેન્શન માટે પાત્રતા મળશે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં પેન્શન નિયમોમાં જરૂરી સુધારા મંજૂર કરવામાં આવ્યા હતા. ઉદ્યોગ મંત્રી ચૈતન્ય કશ્યપે જણાવ્યું કે આ નિર્ણયથી છૂટાછેડા પછી માતાપિતા પર નિર્ભર રહેનારી મહિલાઓને નાણાકીય સુરક્ષા મળશે. અગાઉ ટેકનિકલ જોગવાઈઓને કારણે તેઓ પેન્શન લાભથી વંચિત રહેતી હતી. હવે અપરિણીત, વિધવા અને છૂટાછેડા લીધેલી દીકરીઓને પાત્ર પરિવારજનોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારે જણાવ્યું કે આ પગલું મહિલા સશક્તિકરણ અને સામાજિક ન્યાયને મજબૂત બનાવશે તેમજ પેન્શન પ્રક્રિયા વધુ સરળ અને સમયબદ્ધ બનાવવામાં આવશે.

# યુપીમાં રૂ.૯.૧૨ લાખ કરોડનું બજેટ રજૂ: રોજગાર અને યુવાઓ પર વધુ ધ્યાન

લખનૌ, તા. ૧૧

ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૯.૧૨ લાખ કરોડનું બજેટ રજૂ કર્યું. નાણામંત્રી સુરેશ કુમાર ખન્નાએ રજૂ કરેલું આ બીજા કાર્યકાળનું છેલ્લું પૂર્ણ બજેટ છે. બજેટમાં રોકાણ, રોજગાર, માળખાગત વિકાસ અને કલ્યાણકારી



યોજનાઓને પ્રાથમિકતા અપાઈ છે. સરકારે અંદાજ વ્યક્ત કર્યો કે વિવિધ પ્રોજેક્ટ અને રોકાણોથી આશરે ૧૦ લાખ રોજગાર તકો સર્જાઈ શકે છે. દીકરીઓના લગ્ન માટે એક લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ બજેટ ગયા વર્ષની તુલનામાં અંદાજે ૧૨ ટકા વધુ છે. પીપીપી મોડલ હેઠળ કૌશલ્ય વિકાસ અને રોજગાર કેન્દ્રો શરૂ થશે. ડિજિટલ ઉદ્યોગસાહસિકતા, સરળ લાઈસન્સ પ્રક્રિયા અને કૃષિ-એક્સપોર્ટ હબ પર ભાર મુકાયો છે. રાજ્ય મોબાઈલ ઉત્પાદન ક્ષેત્રે દેશના ૬૫ ટકા હિસ્સા સાથે અગ્રેસર છે.

# ગુજરાતમાં પાંચ સેટેલાઈટ ટાઉન જોડતા આરઆરટીએસ કોરિડોરની યોજના

અમદાવાદ, તા. ૧૧

ગુજરાતમાં શહેરી વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકાર એનસીઆરની તર્જ પર પાંચ સેટેલાઈટ ટાઉનને જોડતા આરઆરટીએસ કોરિડોર વિકસાવવાની તૈયારીમાં છે. શહેરી વિકાસ વિભાગ આ પ્રોજેક્ટ માટે ટેકનિકલ વિગતો તૈયાર કરી રહ્યો છે. પ્રથમ તબક્કામાં અમદાવાદ-સાણંદ વચ્ચે કોરિડોર બનાવાશે અને ટૂંક સમયમાં ટેકનિકલ બિડ મંગાવાશે. આ યોજનાથી સાણંદ-અમદાવાદ, સાવલી-વડોદરા, કલોલ-ગાંધીનગર, બારડોલી-સુરત અને હિરાસર-રાજકોટ વચ્ચે ઝડપી કનેક્ટિવિટી મળશે. વધતી વસ્તી અને શહેરો પર વધતા દબાણને ધ્યાનમાં રાખીને સેટેલાઈટ નગરો વિકસાવવાનો નિર્ણય લેવાયો છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, સારી પરિવહન સુવિધાઓ લોકોને રોજગાર સાથે નજીકના નગરોમાં વસવાટનો વિકલ્પ આપશે. આરઆરટીએસ શહેરની સીમાઓ બહાર ઝડપી અને સરળ અવરજવર સુનિશ્ચિત કરશે, જે આર્થિક વિકાસ અને પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ બનશે.

# ૨૦-૨૫ કોંગ્રેસના સાંસદોએ સ્પીકર ઓમ બિરલાની ચેમ્બરમાં જઈ દુર્વ્યવહાર કર્યો : કિરેન રિજિજુ

નવી દિલ્હી, તા. ૧૧

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા વિરુદ્ધ વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ વચ્ચે કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ પર ગંભીર આક્ષેપ કર્યા છે. રિજિજુએ જણાવ્યું કે આશરે ૨૦થી ૨૫ કોંગ્રેસના સાંસદો સ્પીકરની ચેમ્બરમાં પ્રવેશ્યા અને તેમની સાથે દુર્વ્યવહાર





કર્યો. તેમના કહેવા મુજબ, આ ઘટનાથી સ્પીકર ખૂબ વ્યથિત થયા છે. રિજિજુએ દાવો કર્યો કે ઘટનાસ્થળે કેટલાક વરિષ્ઠ કોંગ્રેસ નેતાઓ પણ હાજર હતા. તેમણે સંસદમાં બોલવાની પ્રક્રિયા અંગે પણ સ્પષ્ટતા કરી કે કોઈપણ સભ્ય સ્પીકરની પરવાનગી વિના બોલી શકતો નથી. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન પણ નિયમોનું પાલન કરે છે. અવિશ્વાસ પ્રસ્તાવ અંગે લોકસભા સચિવાલયે જણાવ્યું કે નોટિસમાં કેટલીક ટેકનિકલ ખામીઓ જોવા મળી છે. બજેટ સત્રના બીજા તબક્કામાં ૯ માર્ચે આ મુદ્દે ચર્ચા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# વંદે માતરમ માટે નવી માર્ગદર્શિકા : સરકારી કાર્યક્રમોમાં હવે સંપૂર્ણ છ શ્લોક ફરજિયાત

નવી દિલ્હી, તા. ૧૧

કેન્દ્ર સરકારે ‘વંદે માતરમ’ અંગે નવી સત્તાવાર માર્ગદર્શિકા જાહેર કરી છે. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જારી કરાયેલા ઔપચારિક આદેશ મુજબ હવે સરકારી, શૈક્ષણિક અને અન્ય મહત્વપૂર્ણ સત્તાવાર કાર્યક્રમોમાં ગીતના તમામ છ શ્લોકોને પ્રાથમિકતા આપવામાં આવશે. આ નિર્ણયનો હેતુ ‘વંદે માતરમ’ના ગાન અને પ્રદર્શન માટે સ્પષ્ટ પ્રોટોકોલ સ્થાપિત કરવાનો છે, જે રાષ્ટ્રગીત માટે અમલમાં રહેલા નિયમોની સમકક્ષ રહેશે. નવી સૂચનાઓ અનુસાર, કોઈપણ સરકારી કાર્યક્રમમાં ‘વંદે માતરમ’ ગવાય અથવા વગાડવામાં આવે ત્યારે તેનું સંપૂર્ણ સ્વરૂપ રજૂ કરવું જરૂરી રહેશે. અત્યાર સુધી સામાન્ય રીતે માત્ર પ્રથમ બે શ્લોક ગવાતા હતા, પરંતુ હવે સમગ્ર ગીતને સત્તાવાર માનક તરીકે સ્વીકારવામાં



આવ્યું છે. છ શ્લોકોનું પ્રદર્શન અંદાજે ૩ મિનિટ ૧૦ સેકન્ડનો સમય લેશે. જો કાર્યક્રમમાં ‘વંદે માતરમ’ અને ‘જન ગણ મન’ બંને રજૂ થાય, તો પ્રથમ ‘વંદે માતરમ’ અને ત્યારબાદ રાષ્ટ્રગીત ગવાશે. પ્રોટોકોલ મુજબ, ગીત દરમિયાન હાજર રહેલા તમામ લોકોએ આદરપૂર્વક ઊભા રહેવું ફરજિયાત રહેશે. આ માર્ગદર્શિકા રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના સરકારી સમારંભો, શાળાઓ તથા સરકારી પ્રોટોકોલ સાથે સંકળાયેલા કાર્યક્રમોમાં લાગુ પડશે. આ દંડાત્મક કાયદો નથી, પરંતુ વહીવટી માર્ગદર્શિકા છે.

# બાંગ્લાદેશમાં દુકાનમાં ઘૂસી જઈ છરીના ઘા ઝીંકી હિન્દુ વેપારીની નિર્મમ હત્યા

ઢાકા, તા. ૧૧

બાંગ્લાદેશના મૈમનસિંહ જિલ્લામાં વધુ એક હિન્દુ વેપારીની હત્યાની ઘટના સામે આવી છે. ત્રિશાલ ઉપજિલ્લાના બોગર બજાર ચોક વિસ્તારમાં ૬૨ વર્ષીય સુસેન ચંદ્ર સરકારની તેમની દુકાનની અંદર છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. ત્રિશાલ પોલીસ



મુજબ, અજાણ્યા હુમલાખોરોએ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને દુકાનનું શટર બંધ કરી દીધું હતું. પરિવારજનોએ દુકાન ખોલતા તેઓ લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા. તેમને તાત્કાલિક મૈમનસિંહ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ મૃત જાહેર કર્યા. મૃતકના પુત્ર સુજાન સરકારે દાવો કર્યો કે દુકાનમાંથી લાખો રૂપિયાની લૂંટ પણ કરવામાં આવી છે અને આરોપીઓને કડક સજા કરવાની માંગ કરી છે.

# માફીની માંગણી પર જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ભારે હોબાળો, ભાજપે કર્યો વોકઆઉટ

શ્રીનગર, તા. ૧૧

જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની કથિત બિનસંસદીય ટિપ્પણીને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે. ભાજપના ધારાસભ્યોએ સતત બીજા દિવસે હંગામો મચાવ્યો અને માફીની માંગણી સાથે ગૃહમાંથી વોકઆઉટ કર્યું. કાર્યવાહી શરૂ થતાં જ ભાજપના ધારાસભ્ય શામ લાલ શર્માએ મુખ્યમંત્રી પાસેથી સ્પષ્ટ માફી માંગવાની માંગ કરી. તેમણે જણાવ્યું કે ગૃહના નેતા દ્વારા નિવેદન આપવામાં આવે અથવા સ્પીકર સ્પષ્ટતા કરે. સ્પીકર અબ્દુલ રહીમ રાથેરે પ્રશ્નકાળ ચાલુ રાખવાની અપીલ કરી. આ દરમિયાન આરોગ્ય મંત્રી સકીના ઈટુએ આરોપ લગાવ્યો કે ભાજપના સભ્યોએ પણ બિનસંસદીય શબ્દો વાપર્યા હતા. નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરીએ બંને પક્ષોના શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવાની સૂચના આપી હતી.

# કેનેડાના ટમ્બલર રિજ સ્કૂલમાં ગોળીબાર: શંકાસ્પદ સહિત ૧૦ના મોત, અનેક ઘાયલ

ટોરોન્ટો, તા. ૧૧

કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના ટમ્બલર રિજ સેકન્ડરી સ્કૂલમાં થયેલા ગોળીબારમાં શંકાસ્પદ હુમલાખોર સહિત ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયા છે અને ૨૪ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસના સ્ટાફ સાર્જન્ટ ક્રિસ ક્લાર્કે ઘટનાની પુષ્ટિ કરી છે. પોલીસ મુજબ બપોરે અંદાજે ૧:૨૦ વાગ્યે સક્રિય ગોળીબારની માહિતી મળી હતી. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ વ્યક્તિ શાળાની અંદર મૃત હાલતમાં મળી આવ્યો હતો, જે સ્વઈજા હોવાની શક્યતા દર્શાવવામાં આવી છે. શાળામાંથી તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. બે ગંભીર રીતે ઘાયલ વ્યક્તિઓને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે હાલ અન્ય કોઈ શંકાસ્પદ નથી અને જનતા માટે તાત્કાલિક ખતરો નથી. ઘટનાની તપાસ ચાલુ છે.

# બાંગ્લાદેશમાં ૩૦૦ બેઠકો માટે આજે મતદાન : ૧૨.૭ કરોડ મતદારો ભાગ લેશે, સુરક્ષા તંત્ર માટે મોટી કસોટી

નવી દિલ્હી, તા. ૧૧

બાંગ્લાદેશમાં રાષ્ટ્રીય સંસદની ૩૦૦ બેઠકો માટે ગુરુવારે મતદાન યોજાશે. ચૂંટણી પંચના જણાવ્યા મુજબ તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ૨૦૨૪ના પ્રચંડ જનઆંદોલન પછી આ પહેલી સામાન્ય ચૂંટણી છે, જેના પરિણામે ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની ૧૫ વર્ષ જૂની સરકાર સત્તાચ્યૂત થઈ હતી. આશરે ૧૭ કરોડની વસ્તી ધરાવતા દેશમાં ૧૨.૭ કરોડથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ૩૦૦ બેઠકો માટે કુલ ૧,૯૮૧ ઉમેદવારો મેદાનમાં છે. સંસદમાં કુલ ૩૫૦ સભ્યો હોય



છે, જેમાંથી ૩૦૦ સીધા ચૂંટાય છે અને ૫૦ મહિલાઓ માટે અનામત છે. ચૂંટણી ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ પદ્ધતિથી યોજાય છે અને કાર્યકાળ પાંચ વર્ષનો છે. પ્રથમ વખત વિદેશમાં વસતા નાગરિકો પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. આશરે ૫૦૦ વિદેશી નિરીક્ષકો, જેમાં યુરોપિયન યુનિયન અને કોમનવેલ્થના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે, પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે. સાથે જ બંધારણીય સુધારા અંગે લોકમત પણ યોજાશે. મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારે નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણીનું વચન આપ્યું છે. જોકે સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા તંત્ર માટે આ ચૂંટણી મોટી કસોટી માનવામાં આવી રહી છે, ખાસ કરીને રાજકીય ધ્રુવીકરણ અને લઘુમતી સમુદાયોની સુરક્ષા સંબંધિત ચિંતાઓને ધ્યાનમાં રાખીને.

# ટી-૨૦ વર્લ્ડ કપ : ટીમ ઈન્ડિયાનો વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્મા હોસ્પિટલમાં દાખલ

નવી દિલ્હી, તા. ૧૧

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ દરમિયાન ટીમ ઈન્ડિયા માટે ચિંતા વધતી જોવા મળી રહી છે. ટીમના શક્તિશાળી ઓપનર અભિષેક શર્માને પેટમાં ચેપ લાગવાના કારણે દિલ્હીની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. છેલ્લા બે દિવસથી તે સારવાર હેઠળ છે. તેના સ્વાસ્થ્યને લઈને ટીમ મેનેજમેન્ટ સતર્ક બન્યું છે, ખાસ કરીને નામિબિયા સામેની આગામી મેચને ધ્યાનમાં રાખીને. સહાયક કોચ રાયન ટેન ડોશેટે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અભિષેક પેટમાં દુઃખાવો અનુભવી રહ્યો હતો, જેના કારણે તે અરુણ જેટલી સ્ટેડિયમમાં યોજાયેલા તાલીમ સત્રમાં હાજર રહી શક્યો નહોતો. તેમણે આશાવાદ વ્યક્ત કરતાં કહ્યું કે અભિષેક બે દિવસમાં ફિટ થઈ શકે છે. અમેરિકા સામેની પ્રથમ મેચ દરમિયાન પણ અભિષેક



અસ્વસ્થ હતો. તે મેચમાં તે ખાતું ખોલી શક્યો નહોતો અને તબિયત બરાબર ન હોવાથી ફિલ્ડિંગ પણ કરી શક્યો નહોતો. અહેવાલો મુજબ છેલ્લા ૨૪ કલાકમાં તેમની સ્થિતિમાં સુધારો ન જોવા મળતા ચિંતા વધી છે. જો અભિષેક સમયસર ફિટ નહીં થાય, તો સંજુ સેમસન અને ઈશાન કિશન ઓપનિંગની જવાબદારી સંભાળી શકે છે. ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન સામેની હાઈ-પ્રોફાઈલ મેચને ધ્યાનમાં રાખીને ટીમ મેનેજમેન્ટ કોઈ જોખમ લેવા માગતું નથી. હાલમાં ટીમ તેમના સ્વાસ્થ્ય પર નજીકથી નજર રાખી રહી છે.

# આંતરિક મતભેદ અને સંગઠનાત્મક મુદ્દાઓને કારણે ખેડૂત નેતા રાજુ કરપડાએ આપમાંથી રાજીનામું

**ખેડૂત નેતાના રાજીનામાથી અટકળોનું બજાર ગરમાયું**

ગાંધીનગર,તા.૧૧



આમ આદમી પાર્ટી (AAP)ના ખેડૂત સંગઠનના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાએ પાર્ટીના તમામ પદ પરથી રાજીનામુ આપી દીધું છે. તેમના આ નિર્ણયથી પાર્ટી સંગઠનમાં ચર્ચા અને અટકળોનું બજાર ગરમાયું છે. મળતી માહિતી મુજબ, રાજુ કરપડાએ પોતાનું રાજીનામું પાર્ટીના ઉચ્ચ નેતૃત્વને સોંપ્યું છે. રાજીનામાનાં કારણોને લઈને સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી, પરંતુ આંતરિક મતભેદો અને સંગઠનાત્મક મુદ્દાઓને કારણે રાજીનામુ આપ્યું હોવાની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

આ રાજીનામા અંગે રાજકીય સૂત્રોએ જણાવ્યું હતું કે રાજુ કરપડા ગોપાલ ઈટાલીયાથી ભારોભાર નારાજ હતા. સાડાત્રણ મહિનાના જેલવાસ દરમિયાન તેને કોઈ મદદ નથી કરી કે નથી તો તેની સાથે મુલાકાત કરી. જ્યારે ગોપાલ ઈટાલીયા વિસાવદરથી વિધાનસભા ચૂંટણી લડતા હતા ત્યારે દોઢ મહિના સુધી રાજુ કરપડાએ ચૂંટણી જિતાડવા મહેનત કરી હતી, પરંતુ કપરા સમયમાં ઈટાલીયાએ મદદ ન કરતાં અંતે રાજીનામુ ધરી દીધું છે.

# રાજકોટમાં યુવતીએ મંગેતર સાથે ગળાફાંસો ખાઈ લેતા મોત

રાજકોટ,તા.૧૧



રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં રહેતી કાજલ સરવૈયા તેની માતા સાથે રવિવારના રોજ વાંકાનેરના તિથવા ગામે તેના મામાના ઘરે ગઈ હતી. ત્યાંથી કોઈને કહ્યા વગર રાત્રે નીકળી ગઈ હતી અને ઘરે આવી પાડોશમાં રહેલ પોતાના ઘરની ચાવી લઈને બંધ ઘર ખોલી પોતાના મંગેતર સાથે મળીને ગઈકાલે અંતિમ પગલું ભરી લીધું હતું. આ પછી ગઈકાલે (૧૦ ફેબ્રુઆરી) યુવતીની માતા ઘરે આવી ત્યારે અંદરથી મકાન બંધ હોવાથી બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા અંદર યુવતીએ તેના મંગેતર સાથે ગળેફાંસો ખાઈ લીધો હોવાનું સામે આવતા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. જેના EMTએ આવી તપાસી બન્નેને મૃત જાહેર કરતા ભક્તિનગર પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં રહેતી કાજલ સરવૈયા તેની માતા સાથે રવિવારના રોજ વાંકાનેરના તિથવા ગામે તેના મામાને ઘરે ગઈ હતી. ત્યાંથી કોઈને કહ્યા વગર રાત્રે નીકળી ગઈ હતી અને ઘરે આવી પાડોશમાં રહેલા પોતાના ઘરની ચાવી લઈને બંધ ઘર ખોલી પોતાના મંગેતર સાથે મળીને ગઈકાલે અંતિમ પગલું ભરી લીધું હતું.

# જામનગરના ડ્રગ્સ કેસનો આરોપી ફરાર થઈ જતા ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ

જામનગર,તા.૧૧

જામનગરમાં ૮૩ લાખ રૂપિયાના ડ્રગ્સ કેસનો એક આરોપી પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ જવાના મામલે જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનીએ કડક કાર્યવાહી કરી છે. આ પ્રકરણમાં મેઘપર-પડાણા પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ કરાયેલા પોલીસ કર્મચારીઓમાં હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ ઝાલા અને પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા તથા ગૌતમભાઈ ચાવડાનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

ફરાર થયેલા આરોપીનું નામ વિશાલસિંઘ મટુ છે, જે પંજાબનો રહેવાસી છે. તેને જામનગર જિલ્લાના મોટી ખાવડી વિસ્તારમાંથી ૮૩ લાખ રૂપિયાના હેરોઈનના જથ્થા સાથે પકડવામાં આવ્યો હતો. તે આ કેસમાં પકડાયેલા ચાર આરોપીઓ પૈકીનો એક હતો.

# અમદાવાદના સુખરામનગરમાં ગેલેરી ધરાશાયી, ૪૦ લોકોનું દિલધડક રેસ્ક્યુ

અમદાવાદ,તા.૧૧



અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં આવેલા સુખરામનગરના ‘સંત વિનોબાભાવે નગર’ સ્લમ ક્વાર્ટર્સમાં બ્લોક નંબર ૧૨ની ગેલેરી ધરાશાયી થવાની ગંભીર ઘટના બની છે. આ દુર્ઘટનામાં એક વૃદ્ધ વ્યક્તિને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડના કાફલાએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને કાટમાળમાં ફસાયેલા આશરે ૪૦ જેટલા લોકોનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યું હતું.

ડિવિઝનલ ફાયર ઓફિસર આર.જે. ગોસ્વામીના જણાવ્યા અનુસાર, સવારે ૮:૧૫ વાગ્યે કંટ્રોલ રૂમમાં મળેલી બાતમીના આધારે મણિનગર અને ગોમતીપુરથી ઈમરજન્સી ટેન્ડર અને એમ્બ્યુલન્સ રવાના કરવામાં આવી હતી. નોંધનીય છે કે, આ ૪૪૦ ફ્લેટના રિડેવલપમેન્ટની કામગીરી પ્રગતિમાં છે, તેમ છતાં છેલ્લા બે મહિનામાં ગેલેરી પડવાનો આ બીજો બનાવ બનતા રહીશોમાં ભારે ફફડાટ અને ચિંતા જોવા મળી રહી છે.

# આવતીકાલથી રાજ્યના ખેડૂતો પાસેથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી

ગાંધીનગર,તા.૧૧



રાજ્યના ખેડૂતો માટે મહત્ત્વના સમાચાર આવ્યા છે. ખેડૂતો પાસેથી વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો આગામી ૧૩ ફેબ્રુઆરીથી ૦૫ માર્ચ, ૨૦૨૬ દરમિયાન ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે ‘ઈ-સમૃદ્ધિ’ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. આ નોંધણી પ્રક્રિયા VCE દ્વારા આધાર ઓથેન્ટીકેશનના માધ્યમથી સંપૂર્ણપણે વિનામૂલ્યે કરી આપવામાં આવશે. ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ચણા માટે પ્રતિ મણ રૂ. ૧,૧૭૫ (રૂ. ૫,૮૭૫ પ્રતિ ક્વિન્ટલ) અને રાઈ માટે પ્રતિ મણ રૂ. ૧,૨૪૦ (રૂ. ૬,૨૦૦ પ્રતિ ક્વિન્ટલ)નો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

# અમદાવાદના બોપલ વિસ્તારમાં યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

અમદાવાદ,તા.૧૧



અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલા વકીલ સાહેબ બ્રીજ નીચે મોડી રાતે લોહીયાળ જંગ ખેલાયો હતો. મણીનગરના કિશન કલાસુવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના ફોઈના દીકરા શિવા કલસુવાને ત્રણ શખ્સોએ બસની બહાર બોલાવી તીક્ષ્ણ હથિયારોથી રહેંસી નાખ્યો હતો. જૂની અદાવત કે સામાન્ય બબાલમાં સુનિલ ખોકરીયા સહિત ત્રણ શખ્સોએ આ હિંસક હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સરખેજ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, શાહપુરમાં પણ એક યુવક પર છરી વડે હુમલો થતા તેને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયો છે. ગઈકાલે કિશન પોતાની નોકરી પૂરી કરીને ઘરે ગયો ત્યારે રાતે બાર વાગ્યાની આસપાસ તેના કૌટુંબિક ભાઈ રીતેશ કલસુવાનો ફોન આવ્યો હતો. રીતેશે ફોન પર જણાવ્યુ હતું કે ફોઈના દીકરા શિવાનો બોપલ બ્રિજ પાસે ઝઘડો થયો છે અને તે ફોન ઉપાડતો નથી. ભાઈની વાત સાંભળતાની સાથે જ કિશન અને મમતા મણીનગરથી બોપલ જવા માટે રવાના થયા હતા.

# ગીરગઢડાના જરગલી ગામની ધોકાધાર સીમમાંથી ગાંજાનું વાવેતર ઝડપાયું

ઉના,તા.૧૧



ગીરગઢડા તાલુકાના જરગલી ગામની ધોકાધાર સીમમાંથી મોટા પ્રમાણમાં ગાંજાનું વાવેતર ઝડપાયું છે. ગીર સોમનાથ SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ)ની ટીમે દરોડો પાડી ખેડૂત લાલજી કાળુ પરમારની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે લાલજી પરમારના ખેતરમાં માદક પદાર્થ ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે અને તેની સૂકવણી પણ થઈ રહી છે. આ માહિતીના આધારે SOGના PI કાગડા, PSI રીના સુવા અને સ્ટાફના સરમણ સહિતની ટીમે સમી સાંજે દરોડો પાડ્યો હતો. પ્રાથમિક અંદાજ મુજબ ઝડપાયેલો ગાંજો ૧૫ કિલોથી વધુ હોવાનું મનાઈ રહ્યું છે.

હાલ પોલીસ ગાંજાનો ચોક્કસ જથ્થો અને આ વાવેતર કેટલા સમયથી ચાલતું હતું તે દિશામાં તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા ૧ મહિનામાં માદક પદાર્થો પરની આ ચોથી મોટી કાર્યવાહી છે. ૫ દિવસ પહેલા જ એટલે કે ૬ તારીખે ગીરગઢડામાંથી ૨૭ લાખથી વધુની કિંમતનો ગાંજો પકડાયો હતો.

# સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ ઝેરી દવા પીતા ગંભીર

**આપઘાતનો પ્રયાસ કરતા પહેલા ડીવાયએસપી રીમા ઝાલા સામે સણસણતા આક્ષેપ કર્યા**

બોટાદ,તા.૧૧



ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયાએ DySP રીમા ઝાલા પર સનસનીખેજ કથિત આરોપ કરતો વીડિયો ઉતારી આપઘાતનો પ્રયત્ન કરતાં હડકંપ મચ્યો છે. બોટાદના સાળંગપુર રોડ પર આવેલા એક ગેસ્ટહાઉસમાં નયનાએ ઝેરી દવા ગટગટાવી હતી, બોટાદની ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે, હાલ તેની હાલત ગંભીર છે. નયનાએ આરોપ લગાવ્યો છે કે DySP રીમા ઝાલાએ તેનું ઘર બરબાદ કરી દીધું છે, જ્યારે તેની ધરપકડ થઈ ત્યારે કોઈ મહિલા પોલીસ સાથે રાખી ન હતી ઉપરાંત ૩૫૦ કિલોમીટર સુધી વોશરૂમ પણ જવા દીધી ન હતી.

# જૂનાગઢમાં ગિરનાર તળેટીમાં મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ

જૂનાગઢ,તા.૧૧



જૂનાગઢની પવિત્ર ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવના સાનિધ્યમાં દર વર્ષે પરંપરાગત રીતે ઊજવાતો મહાશિવરાત્રિનો મેળો આ વર્ષે ‘મિની કુંભ’ તરીકે આસ્થાભેર શરૂ થયો છે. તા.૧૧ જાન્યુઆરીના રોજ સવારે સાધુ-સંતો, મહંતો અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવનાથ મહાદેવના શિખર પર ૫૫ કિલોના મજબૂત ધજા દંડ પર ધર્મની ધજા ચડાવવામાં આવી હતી. શાસ્ત્રોક્ત વિધિ અને પૂજા-અર્ચના બાદ ‘હર હર મહાદેવ’ અને ‘જય ગિરનારી’ના નાદ સાથે આજથી વિધિવત્ રીતે પાંચ દિવસીય મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આ વર્ષે મિની કુંભના આયોજનને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓની સુરક્ષા અને ટ્રાફિકના નિયમન માટે ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એને પગલે આજે સવારે જૂનાગઢ વહીવટી તંત્ર, મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ પણ સામાન્ય ભાવિકોની જેમ ભરડાવાવથી પગપાળા ચાલીને ભવનાથ મંદિર સુધી પહોંચ્યા હતા. ધ્વજારોહણની વિધિ પૂર્ણ થયા બાદ ભવનાથ તળેટીમાં ધૂણી ધખાવીને બેઠેલા નાગાસાધુઓએ વિશેષ પૂજા કરી હર હર મહાદેવના નાદ સાથે અલખનો આરાધ શરૂ કર્યો છે. શિવરાત્રિના આ મેળામાં ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.

**શાસ્ત્રોક્ત વિધિ અને પૂજા-અર્ચના બાદ ‘હર હર મહાદેવ’ અને ‘જય ગિરનારી’ના નાદ સાથે મેળો ખુલ્લો મુકાયો**







